# દીક્ષાધર્મ.

: પ્રકાશક :

શ્રી યંગ મૅન્સ જૈન સોસાયટી

-અમદાવાદ-

આવૃત્તિ ૧ લી. સને ૧૯૩૧.
વીર સંવત ૨૪૫૭
પ્રત ૩૦૦૦. :: આશ્વિન ::

કિંમત બે આના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# અનુક્રમણીકા


| વિષય | પૃષ્ટ |
|---|---|
| **પ્રકરણ ૧** | |
| સુખની ભાવના ... ... ... | ૧ |
| આત્માનું ભવભ્રમણ ... ... | ૧ |
| મનુષ્ય જીવનની વિશેષતા ... | ૨ |
| વિશેષતાનો ઉપયોગ ... ... | ૨ |
| મુક્ત આત્માઓ ... ... ... | ૨ |
| ધર્મ માર્ગ ... ... ... | ૨ |
| પ્રત્યેક પ્રાણીનો અંતીમ આશય | ૩ |
| ધર્મની વ્યાખ્યા ... ... ... | ૩ |
| વિવિધ ધર્મો ... ... ... | ૩ |
| સમાન આશય ... ... ... | ૩ |
| ધર્માનુયાયીઓનો આદર્શ ... ... | ૪ |
| અનુયાયીઓમાં બે વર્ગ ... ... | ૪ |
| ત્યાગી વર્ગ ... ... ... | ૫ |
| ત્યાગી પ્રત્યે પૂજ્ય બુદ્ધિનું કારણ | ૫ |
| સર્વ ધર્મમાં ત્યાગીનું અદ્વિતિય સ્થાન ... ... ... ... | ૬ |
| ત્યાગધર્મની સર્વ શ્રેષ્ટતાનાં કારણો | ૬ |
| જુદાજુદા ધર્મોમાં સમાન તત્વો | ૭ |
| બધે ત્યાગી પૂજ્ય છે ... ... | ૭ |
| **પ્રકરણ ૨** | |
| વર્તમાન યુગ ... ... ... | ૮ |
| શરીર અને આત્મા ... ... | ૮ |
| જાગ્રત આત્મા ... ... ... | ૮ |
| સુપ્ત આત્મા ... ... ... | ૮ |
| માતપિતાનું કર્તવ્ય ... ... | ૮ |
| ભારતીય જીવન ... ... | ૯ |
| વર્તમાન જીવન ... ... ... | ૯ |
| વર્તમાન જીવનનો આદર્શ ... | ૧૦ |
| નવયુવકની જીવન સાર્થકતા ... | ૧૦ |
| ધર્મ અને ધર્મગુરૂ પ્રત્યેનાં કારણ | ૧૧ |
| ત્યાગ માર્ગનો વિરોધ અને તેનાં કારણો ... ... ... ... | ૧૧ |
| સન્યાસ દીક્ષા પ્રતિબંધ નિબંધનો ઉદ્‌ભવ ... ... ... ... | ૧૩ |
| ન્યાય દૃષ્ટિ કેળવવા માટેની કેળવણી | ૧૩ |
| સંસારી અને ત્યાગીનાં ધ્યેય ... | ૧૩ |
| ત્યાગીનો ન્યાય કરવાની સુધારકની અયોગ્યતા ... ... ... | ૧૪ |
| આક્ષેપ કરનારનું માનસ ... | ૧૫ |
| આક્ષેપો ... ... ... ... | ૧૫ |
| સજ્ઞાનપણાના અભાવનો જવાબ | ૧૬ |
| વ્યવહારીક શિક્ષણ વખતે સજ્ઞાનપણું વિચારાય છે ... ... | ૧૬ |
| માતપિતાને બાળકને બચપણથી ધર્મ માર્ગે વાળવાનો દરેક અધિકાર છે ... ... ... | ૧૭ |
| દીક્ષા અપાવવામાં માબાપ અને મદદગારોનો કાંઇજ સ્વાર્થ નથી, મહાન ભોગ છે ... | ૧૭ |
| આક્ષેપકારનું માનસ ... ... | ૧૮ |
| સ્વાર્થની શંકાનું કારણ ... ... | ૧૮ |
| સુધારકોનો દંભ ... ... ... | ૧૯ |
| દીક્ષા લીધા પછી દીક્ષિતનું જીવન | ૨૦ |
| આક્ષેપ કરનારા પોતાનું ગુલામી જીવન નીહાળશે! ... ... | ૨૦ |


P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| વિષય | પૃષ્ટ |
|---|---|
| ત્યાગીઓ વર્તમાન સુધારાની ગુલામીથી પર છે ... ... | ૨૧ |
| પૂજ્ય સાધુ સંસ્થા ... ... | ૨૨ |
| સુધારકોને સાચા સુધારાનું સૂચન | ૨૩ |
| ત્યાગીઓનું વિશિષ્ટત્વ ... ... | ૨૪ |
| પૂજ્ય ત્યાગીઓના ઉપકારો ... | ૨૪ |
| પૂજ્ય ત્યાગીઓની સર્વોપરિ સત્તા આવશ્યક છે... ... ... | ૨૫ |
| જ્યાં ત્યાગીઓની શ્રેષ્ટતા નહોતી સ્વીકારાઈ ... ... ... | ૨૫ |
| સુખની શોધમાં દુઃખના ડુંગરનાં દર્શન... ... ... ... | ૨૫ |
| સુખનો સંબંધ આત્મા સાથે છે. શરીરના બાહ્ય સાધનો સાથે નથી... ... ... ... | ૨૬ |
| ત્યાગ ભાવનાનો જગતની શાંતિમાં ફાળો— ... ... ... | ૨૬ |
| જીવનની છેલ્લી પળે એકજ શરણ | ૨૭ |

પ્રકરણ ૩

| | |
|---|---|
| ત્યાગીઓની સર્વ શ્રેષ્ટતા સ્વીકારવાના અનુભવસિદ્ધ બોધપાઠ ઇતિહાસ શીખવે છે ? ... | ૨૮ |
| પ્રજા જીવનના હૃદયમાં ત્યાગીઓનું સર્વોપરિ સ્થાન ... ... | ૨૯ |
| ઐતિહાસિક પુરાવા ... ... | ૩૦ |
| રાજાઓને વિનંતિ ... ... | ૩૦ |
| ધાર્મિક સ્વાતંત્ર્યમાં ડખલ કરવી હિતકર નથી. ... ... | ૩૧ |
| રાજાઓને સૂચન... ... ... | ૩૧ |
| પ્રજાનો ત્યાગીઓ અને રાજાઓ સાથે સંબંધ... ... ... | ૩૧ |

| વિષય | પૃષ્ટ |
|---|---|

પ્રકરણ ૪

| | |
|---|---|
| જૈન ધર્મ ત્યાગ પ્રધાન છે ... | ૩૩ |
| દ્વિવિધ ધર્મો ... ... ... | ૩૪ |
| ત્યાગીઓનું સ્થાન સર્વ શ્રેષ્ઠ છે... | ૩૪ |
| ત્યાગીનાં વ્રતો અને તેનું પાલન | ૩૫ |
| જૈનોની ત્યાગીઓ પ્રત્યે પૂજ્યબુદ્ધિ | ૩૬ |
| સાધુ સંસ્થાના ઉપકારો... ... | ૩૭ |
| ત્યાગીઓની જીવન પ્રતિજ્ઞા અને તેનું પાલન ... ... ... | ૩૮ |
| ત્યાગી સંસ્થા જનતા ઉપર ઉપકારજ કરે છે. ... ... | ૩૯ |
| ત્યાગીઓએ સર્જેલું સાહિત્ય ... | ૪૦ |
| સમાજ ઉપર પૂજ્ય ત્યાગીઓના ઉપકાર ... ... ... | ૪૧ |

પ્રકરણ ૫

| | |
|---|---|
| નિબંધ ન્યાય વિરૂદ્ધ છે... ... | ૪૨ |
| આધ્યાત્મિક દૃષ્ટિથી જોનારને ઉપરની કાંઈજ કિંમત નથી. | ૪૪ |
| ગૃહસ્થાશ્રમી આદર્શવાળાને ફરજીયાત કેળવણીનો કાયદો તો ત્યાગના આદર્શવાળાને અટકાયત કેમ ? ... ... | ૪૫ |
| દીક્ષા માટે બાલ્યવય વધારે અનુકુળ છે ... ... ... | ૪૬ |
| બારથી ઓગણીસમી સદી લગીના સગીર દીક્ષિતોની ઉપલબ્ધ નામાવલિ ... ... ... | ૫૧ |
| જૈનેતરોમાં ત્યાગી થયેલ સગીરો | ૫૬ |
| પરિશિષ્ટ अ ... ... | ૫૬ થી ૬૫ |
| સગીર દીક્ષા માટેના શાસ્ત્રીય પુરાવા | |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# દીક્ષા ધર્મ

## પ્રકરણ ૧.

### આત્મા અને ધર્મ.

સુખની ભાવના.

આખાએ જગતની કાર્યવાહી તરફ નજર નાખતાં આપણે સ્પષ્ટ જોઇ શકીએ છીએ કે, જગતમાં જન્મેલાં અને જન્મતાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય લગીનાં પ્રત્યેક પ્રાણીએ, પોતાના જીવનની દરેક પ્રવૃત્તિ સુખ મેળવવાની ભાવનાથી કરેલી છે; અગર કરે છે. જગતમાં એવો એક પણ જીવ નથી, કે જે સુખ માટે ન તલસી રહ્યો હોય. બલ્કે એકેન્દ્રિયથી પંચેન્દ્રિય લગીના સઘળા જીવો, પોતાની શક્તિ અને સાધનોનુસાર સુખ મેળવવા માટે બનતા તમામ પ્રયત્નો જરૂર કરે છે.

આત્માનું ભવભ્રમણ.

અનાદિ કાળથી અનંતા ભવભ્રમણ કરતો પ્રત્યેક આત્મા આ સંસાર ચક્રમાં, સુખદુઃખના અનેક કડવા મીઠા પ્રસંગો અનુભવી ચુકયો છે. પણ એ બધાએ ભવભ્રમણનું સરવૈયું કાઢીએ, અથવા બારીકાઇથી નિરીક્ષણ કરીએ, તો આત્માએ આજ લગીમાં એક જ કાર્ય કર્યું છે, અને તેઃ—(૧) શરિર મેળવવું, (૨) તેને પોષવું (૩) તેને સંભાળવું (૪) તેનો એક સમયમાં ત્યાગ કરી ચાલ્યા જવું.

ઉન્નત દશાની પ્રાપ્તિ.

આત્માના આખાએ ભવભ્રમણના કાર્યનું આ સરવૈયું છે. આખા ભવભ્રમણમાં આત્માએ સુખની ઇચ્છા અને દુઃખનો દ્વેષ કર્યો છે. પણ આકસ્મિક સંયોગોમાં દુઃખના ડુંગર નીચે દબાઇ ગયેલો આત્મા જ્યારે દુઃખનો દ્વેષ કરવાનો અવકાશ પણ મેળવી શકતો નથી ત્યારે દુઃખ વેદન કરવાથી કર્મબંધ તૂટે છે, અને કાંઇક ઉન્નત દશા પ્રાપ્ત થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે વડે અગર મનુષ્ય વગેરે ઉચ્ચ ગતિઓમાં કર્મના બંધ છેદવાને જે આત્મ હિતકારી પ્રવૃતિઓ આત્માએ આદરી છે તેના મીઠા ફળ તરીકે તે તેટલી ઉન્નત દશા પ્રાપ્ત કરી શકયો છે. આપણે મનુષ્ય દેહધારી આત્માઓએ, જગત ઉપર દેખાતી બીજી તમામ ગતિઓમાં ભવભ્રમણ કરતા આત્માઓ કરતાં કાંઇક વિશેષ પ્રગતિ સાધેલી છે; અને તેથી આપણે સુખ--દુઃખ; સાર—અસાર; ધર્મ, અધર્મ; નીતિ, અનીતિ, સદ્ગુણ, દુર્ગુણ, વિગેરેનો કાંઇક યથાશક્તિ વિચાર કરી શકીએ છીએ.

મનુષ્ય જીવનની વિશેષતા.

વિશેષતાનો ઉપયોગ.

આપણને પ્રાપ્ત થયેલી આ વિવેક બુદ્ધિ આપણા મનુષ્ય જીવનની વિશેષતા છે, અને તે વિશેષતાનો ઉપયોગ વિશેષ ઉન્નત દશા પ્રાપ્ત કરવા માટે, ભૂતકાળના મહાપુરૂષોએ, કર્યો છે; અને વર્તમાનમાં પણ તેજ રીતે થઇ રહ્યું છે.

મુક્ત આત્માઓ

જે મહાત્માઓ, આત્મા ઉપરના કર્મના બંધનો, વધારે સ્પષ્ટ રીતે જોઇ શકયા, તે બંધનો તોડવાના ઉપાયો ચીંતવી શકયા, અને તે ઉપાયોને અમલમાં મુકી શકયા, એવા ઘણા મહાત્માઓ આ સંસારથી પર થઇને સાચું આત્મહિત સાધી શકયા છે, અને કર્મના બંધનમાંથી પોતાના આત્માની મુક્તિ કરાવી શકયા છે. તેઓ સાચું સુખ પ્રાપ્ત કરી શકયા છે, અને તે સુખ અવ્યાબાધપણે ભોગવી રહ્યા છે; તે આત્માઓને **મુક્ત આત્મા** કહીએ છીએ. અને મુક્તિની પ્રાપ્તિને અર્થે તેમણે બતાવેલા અનુભવસિદ્ધ માર્ગને **ધર્મ—માર્ગ** કહીએ છીએ. જે આત્માઓ પોતાના સુખની પ્રાપ્તિનો માર્ગ પોતે શોધી શકતા નથી, પણ તે માર્ગનું અસ્તિત્વ સ્વિકારી તે દ્વારા સુખની પ્રાપ્તિ માટેના પ્રયત્નો કરવાને પ્રવૃત થાય છે. તે આત્માઓને ધર્મ માર્ગે વિચરતા આત્માઓ કહીએ છીએ.

ધર્મ માર્ગ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપણે સારી રીતે જાણીએ છીએ કે, જગતના દરેક પ્રાણીનો અંતીમ આશય સુખ પ્રાપ્ત કરવાનો હોય છે, અને તે પ્રાપ્તીના માર્ગમાં કોઈપણ બીજાની દરમીયાનગીરી, અગર અંકુશ તેને પરવડતો નથી; અને જે કોઈ દરમીયાનગીરી કરવા આવે છે, તેની સામે પોતાનું શરીર અને પ્રાપ્ત થયેલી વસ્તુઓનું રક્ષણ કરવા માટે, પોતાની સર્વ શક્તિઓ એકત્રિત કરીને તે અલ્પકાય આત્મા પણ આમરણાંન્ત યુદ્ધ ખેલે છે. પરિણામે બન્ને વચ્ચે પરસ્પર રોષ અને દ્વેષની ભાવનાઓ પ્રકટે છે. અને કર્મના બંધ બંધાય છે. સુખ વિસરી દુઃખનાં દર્શન થાય છે. પ્રત્યેક પ્રાણીનો અંતિમ આશય.

ધર્મની વ્યાખ્યા કરતા કહ્યું છે કે—"દુર્ગતિમાં જતાં જે **ધારણ** કરે તે ધર્મ." દરેક ધર્મ પ્રત્યેક પ્રગતિશીલ આત્માએ પોતાની પ્રગતિની મર્યાદામાં રહીને જગતને—બતાવેલો છે.-અને તેથીજ ઘણાં જુદાંજુદાં નામોમાં તથા ઓછા અગર વધારે વિકસિત સ્વરૂપમાં આપણને નજરે પડે છે. જે ધર્મના આદ્ય ઉપદેશક વધારે પ્રગતિશીલ અને કર્મના બંધનથી વધારે મુક્ત, તે ધર્મ વધારે ઉંડો, વધારે સરળ, અને વધારે પ્રગતિસાધક, જે ધર્મના આદ્ય ઉપદેશક ઓછા પ્રગતિશીલ એ કર્મના બંધનથી ઓછા મુક્ત તે ધર્મ ઓછો પ્રગતિસાધક. ધર્મને અનુસરનારાઓમાં પણ એમજ છે. જે મનુષ્ય જેટલા પ્રમાણમાં આત્મ હિત સાધી શકયો છે અગર—આત્મ માર્ગે પ્રગતિ કરી શકયો છે, તે મનુષ્ય તેટલા પ્રમાણમાં ઉંચા પ્રકારના તારકને અનુસરે છે. જે મનુષ્ય ઓછી પ્રગતિ કરી શકયો છે; તે ઉતરતા પ્રકારના તારકને અનુસરે છે. પણ બધાંએ અનુસરણોમાં, બલ્કે બધાએ ધર્મોમાં ધર્મોની મૂળ સ્થાપનાનો આશય, સાચા ચિરસ્થાયી સુખની પ્રાપ્તી માટેનો હોય છે. અને કર્મના બંધનોનો છેદ કરવો, તથા એકગીજ આત્માઓ વચ્ચે, જેમ બને તેમ ઓછી અથડામણો થાય, તેવા ઉપાયો

ધર્મની વ્યાખ્યા.

વિવિધ ધર્મો.

સંર્માનું આશય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યોજાયેલા હોય છે. જે ધર્મસ્થાપકે ફક્ત મનુષ્ય જીવનનોજ વિચાર કરીને ધર્મ સ્થાપેલો હોય છે, તેના નીતિનિયમો અને શાસ્ત્રોમાં મનુષ્ય જીવન, મનુષ્ય દેહધારી આત્માઓમાં ઓછામાં ઓછી અથડામણો કયી રીતે થઇ શકે, અને પ્રત્યેક દેહધારી આત્મા બીજા મનુષ્ય દેહધારી તરફથી કાંઇપણ સહન કર્યા વિના કયી રીતે શાંત અને સુખી જીવન જીવી શકે એવાં નીતિ નિયમો ઘડાયેલાં હોય છે. જે ધર્મસ્થાપકે મનુષ્ય અને તિર્યંચ પુરતોજ વિચાર કર્યો છે, તે ધર્મસ્થાપકના ધર્મમાં મનુષ્ય અને તિર્યંચ દેહધારીઓમાં ઓછામાં ઓછી અથડામણ થાય તેવાં વિધાન નજરે પડે છે. અને જે મહા જ્ઞાનીઓએ સકળ બ્રહ્માંડના સ્વરૂપને જાણ્યું છે, પોતાનામાં રહેલા સંપૂર્ણ જ્ઞાનના પ્રભાવે જેમણે સાક્ષાત્કાર કર્યો છે. તેમનાં ધર્મશાસ્ત્રોમાં સકળ બ્રહ્માંડમાં જીવતા એકેન્દ્રિયથી પંચેન્દ્રીય લગીના, જૈન સિદ્ધાંત મુજબ પાંચસો ને ત્રેસઠે જાતિના જીવો કાંઇપણ પરસ્પર અથડામણમાં આવ્યા સિવાય, પોતાનું જીવન શાંતિથી વ્યતિત કરી શકે, અને તે શાંતિના સમય દરમિયાન પોતાના આત્માનો ક્રમિક વિકાસ સાધી, છેલ્લે કર્મના બંધનમાંથી સંપૂર્ણ મુક્તિ મેળવી શકે, તેવા રસ્તાઓ દર્શાવેલા હોય છે.

ધર્માનુયાયી નો આદર્શ.

પોતાના ધાર્મિક અનુસરણમાં પ્રત્યેક મનુષ્ય ઉપર મુજબ થોડો યા વધારે આત્મવિકાસ સાધી ધર્મની સ્થાપના જેમણે કરી છે, તેવા દરેક ધર્મ સ્થાપકને, પોતાનો જીવન આદર્શ કલ્પે છે, અને તે આદર્શને દૃષ્ટી સન્મુખ રાખી તેની સિદ્ધિ માટે સઘળા પ્રયત્નો યથાશકિત કરે છે.

અનુયાયી-ઓમાં બે વર્ગ.

અનુયાયીઓમાં પણ બે વર્ગ નજરે પડે છે—એક વર્ગ એવો હોય છે કે જેને પોતે આદર્શ માન્યા છે, તે આદર્શનેજ અક્ષરશઃ અનુસરી તેજ સ્થાનની પ્રાપ્તી માટેજ, પોતાની બધી શક્તિઓ ખર્ચે છે. જ્યારે બીજો વર્ગ કર્મનાં બંધનમાં વધારે બદ્ધ થયેલો પોતાની સગવડો સાચવી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિશેષ બાહ્ય મુશ્કેલીઓમાં ઉતર્યા સીવાય, તારકે બતાવેલા રસ્તે ચાલી આત્મ-હિત સાધનારો હોય છે. પહેલા વર્ગનું એકજ કાર્ય તારકને પગલે એકજ લક્ષે ચાલવાનું હોવાથી, તે વર્ગ, તે માર્ગે પ્રગતિ સાધવા સિવાય બીજી બીલકુલ નહિ, અગર જીવન નિર્વાહ પુરતી ઓછામાં ઓછી પ્રવૃત્તિઓ, આદરનારો હોવાથી, એટલે સંસારિક પ્રવૃત્તિઓનો તેણે સર્વથા ત્યાગ કરેલો હોવાથી સંસારીની દ્રષ્ટીએ તે ત્યાગી ગણાય છે.

આત્મવિકાસના માર્ગમાં દરેક ધર્મનો ત્યાગી વર્ગ, તે ધર્મના સંસારી યા ગૃહસ્થ અનુયાયીઓનો નિકટ ઉપકારી, તેમજ શાંત જીવન જીવનારો હોવાથી પૂજ્ય છે. તેમની સંસારીઓ હંમેશાં યથાશક્તિ ભક્તિ કરે છે. એટલુંજ નહિ પણ એ ત્યાગીઓની સેવા ખાતર અપાતી, અને ખર્ચાતી પોતાની શક્તિઓ અને સાધનોને, પોતાના સાચા સુખને માર્ગે ખર્ચાએલાં માને છે. જે અવસરે અથવા જ્યારે ત્યાગીઓની સેવા કરવાની તક સાંપડે છે, તે અવસરને પોતાના જીવનનો મહામુલો અવસર ગણી વધાવી લે છે. ત્યાગી વર્ગ.

દરેક ધર્મમાં ત્યાગી સંસ્થાને આમ ઉચ્ચ સ્થાન મળવાનું કારણ એ છે કે જે માર્ગે, એ ત્યાગીઓ વિચરી રહ્યા છે, તે માર્ગ દરેક ધર્મવાળાને આદર્શરૂપ છે. એટલે સામાન્ય દ્રષ્ટિએ કહીએ તો ત્યાગ માર્ગ સમસ્ત વિશ્વનો પરમ આરાધ્ય માર્ગ છે. અને તેથીજ તેના આરાધકો સકળ વિશ્વમાં પૂજાય છે. ત્યાગીઓના જીવનપથ ઉપર દૃષ્ટીપાત કરતાં આપણે જોઇ શકીએ છીએ કે, તેમનું જીવન, તે ધર્મના અનુયાયીઓ કરતાં વધારે સુખી, વધારે શાંત અને વધારે સ્થિર છે. આ સુખ, શાંતિ, અને સ્થિરતા તેમના જીવનમાં થતા ઓછા (આરંભ સમારંભ) અગર ઓછામાં ઓછી મોહને વશ થઈને કરાએલી પ્રવૃત્તિઓ, અને તે રીતે જગતપરના બીજા આત્માઓ સાથે થતી ઓછામાં ત્યાગી પ્રત્યે પૂજ્ય બુદ્ધિનું કારણ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઓછી અથડામણોને આભારી છે; કારણકે જ્યાંજ્યાં આત્માના કર્મબંધ ઓછા એટલે જ્યાંજ્યાં આત્માની સાંસારીક પ્રવૃત્તિમાર્ગ તરફની અરૂચિ જેટલા પ્રમાણમાં વિશેષ ત્યાં એટલા પ્રમાણમાં સુખ અને શાંતિ નિર્ભય, અને સાંસારિક પ્રવૃત્તિ ત્યારેજ ઓછી કરી શકાય છે કે જ્યારે આ સંસાર જેનો જન્મ પ્રવૃત્તિમાર્ગમાંથીજ થયેલો છે, તે સંસારચક્રનાં થોડાં અગર તમામ બંધનોનો ત્યાગ કરી દેવાય. સંસારચક્રમાં પીસાતા દરેક આત્માઓ આ વસ્તુ સ્વીકારે છે. અને તેથીજ સંસારચક્રનાં બંધનોને ફગાવી દઈ, સંસારના સઘળા વ્યહવારોનો ત્યાગ કરનાર ત્યાગીઓને સાચા સુખને માર્ગે વળેલા જાણી, પૂજ્ય અને આરાધ્ય ગણે છે, ભક્તિભાવે નમે છે. આ કારણથીજ જગતના સર્વ ધર્મોમાં ત્યાગનું સ્થાન અદ્વિતીય છે, અને તે માર્ગે વિચરનારા ઉચ્ચ માર્ગે (સ્થાને) ગણાય છે.

સર્વ ધર્મમાં ત્યાગીનું અદ્વિતીય સ્થાન.

આગળ આપણે જોઇ ગયા કે દુર્ગતિમાં પડતાં પ્રાણીને ધારણ કરનાર ધર્મની, સ્થાપના તેઓજ કરી શકયા છે, જેમણે સાચા સુખની પ્રાપ્તિ પાછળ સંસારના સર્વ પ્રકારના બંધનો અને વ્યહવારોનો ત્યાગ કરી પરમ ત્યાગી બની, ઉડું ચિંત્વન અને મનન કરીને કાંઇક પ્રમાણમાં પણ આત્મવિકાસ સાધ્યો છે, અને તે સાધનાની પ્રતિભા સંસારીઓ ઉપર પાડી છે. એ સ્વાભાવિક છે કે સંયમ અને નિવૃતીમાર્ગમાં સાચા સુખનો સાક્ષાત્કાર જેને થયો છે. તેઓ તે સુખની પ્રાપ્તી માટે એજ સાધનોનો ઉપયોગ કરવાનું સમજાવે. અને દરેક ધર્મમાં અંતિમ આદર્શની સિદ્ધિ માટે એ માર્ગનું આલંબનજ સુચવવામાં આવેલું છે. આ માર્ગના આલંબનથી જે ધર્મસ્થાપકનો જેટલા પ્રમાણમાં વિકાસ થયેલો છે; જે ધર્મના જેટલા પ્રમાણમાં પ્રદેશો નક્કી કરેલા છે, તે ધર્મ મુજબ તેટલા પ્રમાણમાં તે ધર્મનો દીક્ષિત શાંતિનો પૂજારી, સમદ્રષ્ટિવાળો, સેવાભાવી; અને સર્વ હિતચિંતક બને છે.

ત્યાગ ધર્મની સર્વશ્રેષ્ટતાનાં કારણ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રત્યેક ધર્મ સાચા સુખની પ્રાપ્તિની નેમથી સ્થપાયેલો હોવાથી લગભગ આખાએ જગતના પ્રત્યેક ધર્મના મૂળભૂત સિદ્ધાંતોમાં તે તે ધર્મના ક્ષેત્ર પૂરતું ઘણું સામ્ય હોય છે. અર્થાત્ પરસ્પર વિરોધ તો નથીજ હોતો. તફાવત ફક્ત એટલોજ હોય છે, કે જે ધર્મમાં વહોળું તત્વજ્ઞાન, અને ઉંડી વિચારણા વિશેષ; તે ધર્મના સિદ્ધાંતો, વિશેષ ઝીણા અને વિશેષ સ્પષ્ટ હોય છે. જે ધર્મમાં તત્વજ્ઞાન સામાન્ય, તેના સિદ્ધાંતો પણ સામાન્ય હોય છે. પરંતુ **અહિંસા, સત્ય, અસ્તેય,** અને **બ્રહ્મચર્ય**, અગર બીજા રૂપમાં દાન, શીલ, તપ, અને ભાવના, એ મૂળભૂત સિદ્ધાંતો તો;–( ઓછી વિવેક બુદ્ધિવાળા અસ્થિર મનુષ્યોને સાચા સુખને નામે, સ્વાર્થ ખાતર ફસાવવાના હેતુથી સ્થાપીત થયેલા ધર્મો સિવાય) જગતના દરેક ધર્મમાં જરૂર હોય છે.

જુદાજુદા ધર્મોમાં સમાન તત્વો.

આ મૂળભૂત સિદ્ધાંતોના પાલન પાછળ જીવનનું સમર્પણ, અને તેના પાલનની ખાતર સંસાર વ્યહવારનાં સર્વ પ્રકારનાં બંધનનો ત્યાગ, તે દરેક ધર્મની દીક્ષા છે. અને તે માર્ગને અનુસરી પોતાનું સાચું હિત સાધી, બીજાને સાચુ હિત સાધવાનો આદર્શ પૂરો પાડવો, એ પ્રત્યેક દીક્ષિતનું કર્તવ્ય છે. જ્યાં ધર્મ છે; જ્યાં આત્મવિકાસની ભાવના છે, જ્યાં સાચા સુખની પ્રાપ્તિ માટેની તમન્ના છે, જ્યાં પરભવ અને જન્મ મરણનો ડર છે. ત્યાં દીક્ષા એ હંમેશાં આદર્શ છે; અને દીક્ષિતો પૂજ્ય છે.

બધે ત્યાગી પૂજ્ય છે.

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૨.

### દૃષ્ટિભેદ યા ભારતીય જીવનમાં વિકાર.

વર્તમાન યુગ.

આજે સ્થિતિ તદ્દન વિપરીતજ છે. પૂજ્ય અને પવિત્ર દીક્ષા, આજે કેટલાકને મન અવ્યહવારૂ અને બીન જરૂરી છે. આનું કારણ વર્તમાન **જડયુગની** ભાવનાનું પ્રાધાન્ય છે.

શરીર અને આત્મા.

મનુષ્ય જીવનમાં મુખ્ય બે તત્વો છે.

(૧) આત્મતત્વ.

(૨) જડતત્વ.

સાડા ત્રણ હાથ પ્રમાણ જડ પરમાણુઓની બનેલી આ કાયામાં અનંતાકાળથી, ભવભ્રમણ કરતો, અનંતા કર્મના બંધનને ઉચ્છેદ કરનાર આત્મા બદ્ધ થયેલો છે.

જાગ્રત આત્મા:

આ બદ્ધ થયેલો આત્મા જો જાગ્રત સ્વરૂપમાં હોય છે, તો શરીરનો પોતાના નોકર તરીકે ઉપયોગ કરી, તે દ્વારા પોતાની સાચી ઉન્નતિ અને મુકિતપુરીનાં દ્વાર ખખડાવવા જેટલી પ્રગતિ કરી શકે છે—સાધે છે.

સુપ્ત આત્મા.

આત્મા જો સુપ્ત અવસ્થામાં હોય, તો તે મોહના હથિયાર રૂપે બની, જડ પુદ્ગલોના નાશવંત સુખમાં રાચી માચી, વિષય કષાયમાં રક્ત બની, નિગોદ યા દુર્દશામાં પડે છે.

માતપિતાનું કર્તવ્ય.

જ્ઞાનીઓએ આત્માને જાગૃત રાખવા માટે, બચપણથીજ ધર્મના સંસ્કારો, પોતાના બાળકમાં રેડવા, અને હરેક પળે તે વિકસાવી સાચા સુખને માર્ગે વાળી, પોતાના બાળકને કર્મબંધની દુર્દશામાંથી બચાવવા પ્રત્યેક માતપિતા અગર પાલકને ફરમાવ્યું છે. એ નિર્વિવાદ છે કે બાલ્યકાળજ માત્ર ગ્રહણકાળ હોય છે. એટલે જીવન વિકાસની ભુમિકા જે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાળમાં તૈયાર કરવામાં આવે છે, તે કાળમાં બાળક ઉપર પડેલા સારા અગર ખોટા સંસ્કારો મોટા ભાગે જીવન પર્યંત ચાલુ રહે છે. અગર કદાચ બહુ મુશ્કેલીએ ભુંસાય છે.

આપણા ભારતવર્ષમાં આ સુધારાઓ ન્હોતા આવ્યા ત્યારે; એટલે આજથી આશરે સો વર્ષ પહેલાં આજના કરતાં ભારતવાસીઓનું જીવન જુદાજ પ્રકારનું હતું. તે જીવન સ્થિર હતું, શાંત હતું, ધર્મમય હતું, અને પરહિતચિંતક હતું. આપણી સમાજ વ્યવસ્થાના પ્રતાપે, જીવન નિર્વાહનાં સાધન પ્રત્યેક બાળકને જન્મસિદ્ધ હક તરીકે પ્રાપ્ત થતાં; અને ખેડુતનો પુત્ર ખેડુત, વહેપારીનો પુત્ર વહેપારી, લુહારનો લુહાર, સુથારનો સુથાર એમ દરેક બાળક પોતાના પિતાને અનુસરતો; દરેક કુટુંબમાં તે ધંધાને લગતું અનુકુળ વાતાવરણ હોવાથી, તે બહુજ સ્હેલાઇથી તૈયાર થઇ શકતો. તેના માતપિતાને તેના હિત માટે, માત્ર એકજ વિચાર કરવાનો રહેતો, અને તે તેના આત્મહિતનો. આ માર્ગે પોતાના ધર્મમય જીવનથી, સારા ગુરુની પાસે કેળવણી અપાવીને, કૌટુંબીક ધર્મમય વાતાવરણમાં ઉછેરીને, ધાર્મિક પર્વોને ઉત્સવોમાં બાળક પાસે ભાગ લેવરાવીને, અને બીજી હરેક રીતે માતપિતા ધાર્મિક સંસ્કારો તેમનામાં રેડતા. પરિણામે બાળક પિતાની નવી મૂર્તિ સમો બનતો, અને આખુંએ પ્રજા-જીવન શાંત દેખાતું. એ યુગમાં પ્રજામાં સાદાઇ, અને સંયમ પ્રત્યે માન હતું, ધર્મ ઉપર રૂચિ હતી, ધર્મગુરુઓ ઉપર પૂજ્યભાવ હતો; અને તેમને તારક ગણવામાં આવતા. ધર્મસ્થાનોને આત્મવિકાસનાં પરમ ધામ ગણવામાં આવતાં; સર્વત્ર સુખ અને શાંતિ વર્તતી. ભારતીય જીવન.

આજે સો વર્ષમાં સ્થિતિ તદ્દન વિપરીત બની ગઇ છે. સમાજ બંધારણ તદ્દન તુટી ગયાં છે અગર તુટી ગયા જેવી સ્થિતિએ પહોંચ્યાં છે. આજથી સો વર્ષ પહેલાં જ જન્મની સાથે જ પ્રાપ્ત થતી ઉદર નિર્વાહની સગવડ પ્રાપ્ત કરવા માટે, વર્તમાન જીવન.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આજના બાળકને પોતાની અર્ધી જીંદગી ખતમ કરવી પડે છે. અને છતાંએ કેટલાક દાખલાઓમાં તો સુખ અને શાંતિ સ્વપ્નવત બની જાય છે. બાપ વ્યાપાર કરે, એક ભાઈ વકીલ હોય, બીજો ડોક્ટર હોય, ત્રીજો એંન્જીનીયર હોય અને તેના છોકરાઓને કદાચ મીલમાં મજુરી કરવા જવું પડે, એવી વિષમ અવસ્થા જ્યાં ત્યાં આજે નજરે પડે જે. ઉદર નિર્વાહ અને કુટુંબ પોષણમાંજ જીવનની સર્વ શક્તિઓ હોમાઈ જાય છે. રાષ્ટ્ર, ધર્મ, કે સમાજ સેવાની વાતો, અગર આત્મહિતની ભાવના આજે રોટીના ટુકડા માટે રખડતા, અને જીવન સમર્પતા યુવાનને ઝેર જેવી થઈ પડી છે.

વર્તમાન જીવનનો આદર્શ.

પાશ્ચાત્ય કેળવણીના મોહને અંગે, માતપિતા અને કુટુંબથી વિખુટો પડી, નવ દશ વર્ષના બાળકને, અંગ્રેજી કેળવણી જે લેવાની ઘણાની નેમ હોય છે તે લેવા માટે; પરદેશી વસ્તુઓના પ્રદર્શન સમા, અને કેવળ જડવાદનું જ્યાં પ્રાધાન્ય છે તેવા શહેરોમાં બાલ્યવયમાંજ ધકેલવામાં આવે છે. માતપિતા વિગેરે વડીલોનો અંકુશ, કૌટુંબિક ધર્મમય વાતાવરણ દૂર થતાં તેનામાં સ્વચ્છંદ પ્રવેશે છે, સુધારાના બાહ્ય તેજમાં તે અંજાય છે. અને ધર્મના સંસ્કાર નહિ મળવાના કારણે આત્મભાવના ભૂલે છે. શરીરની ટાપટીપ અને પોષણ, એના જીવનનું ધ્યેય બને છે; અને કદાચ શક્તિ અને સાધનો હોય, તો બીજાને તેવો પૈસાવાળો ટાપટીપવાળો, અને સુખી બનાવવામાં તે પરમાર્થ માને છે.

નવયુવકની જીવન સાથ કતા

ધર્મ અને ધર્મગુરુઓ આ સ્વેચ્છાચાર, અને સ્વચ્છંદ ઉપર અંકુશરૂપ હોવાથી, અને તે અંકુશના લાભાલાભનો નવયુવકને ખ્યાલ નહિ હોવાથી, તેમનાથી હંમેશાં દૂર રહેવા તે પ્રયત્ન કરે છે. ધર્મગુરુઓનાં જીવન, વર્તન અને રહેણી, તેને અવ્યવહારૂ લાગે છે; અને જન્મવું, ઉદર નિર્વાહની શક્તિ મેળવવા માટે અર્ધી જીંદગી ખતમ કરવી; લગ્ન કરવાં, અને બૈરી છોકરાંની સેવામાં જીવન ખતમ કરવું; એમાંજ એના જીવનની સાર્થકતા પોતે માને છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધર્મ અને ધર્મગુરુ પ્રત્યે અભાવનાં કારણ.

આ સ્થિતિમાં જેનો સ્હેજ પણ પરિચય નથી, જેની મહત્તા અને ઉપયોગિતાનો સ્વપ્ને પણ વિચાર થતો નથી, તે ધર્મગુરુઓ, ધર્મસ્થળો અને ધર્મના પ્રત્યેક અંગો પ્રત્યે તેનામાં પૂજ્યભાવ અને ભકિતભાવ કયાંથી જન્મે ? તેમજ સમાજના ભયથી અગર લોકનિંદાથી ડરીને, કાંઇક બાહ્ય વર્તન રખાતું હોય, તો તે કયાંસુધી નભે ! બીજી રીતે કહીએ તો આવા યુવકો ધર્મ અને ધર્મગુરુઓનો ઉચ્છેદ કરવા, અને પોતાની નબળાઇઓની સાથે તેમના જીવનની પ્રત્યેક ઘટનાની સરખામણી કરી તેને અવ્યવહારૂ સમજી ઉતારી પાડવા પ્રયત્ન કરે એ સ્વાભાવિક છે. આજે ધર્મગુરુઓ, અને તેમના ત્યાગમાર્ગ સામે જે વિરોધ નજરે પડે છે; જે વિરોધને શમાવવા માટે ધર્મિઓને દિન પ્રતિદિન વધુ વ્યવસ્થિત પ્રયત્નો કરવા પડે છે. જે સાધુ જીવનને અવ્યવહારૂ, તુચ્છ, નિરસ, અને નહિ જીવવા યોગ્ય ગણી કાઢી, તેની હાંસી કરવામાં આવે છે; જે દિક્ષા માર્ગને મુશ્કેલ બનાવવાના પ્રયત્નો કરવામાં આવે છે, જે દીક્ષિતોને દીક્ષા છોડાવી સંસારમાં પાછા લાવવામાં મહા પરાક્રમ લેખાય છે, સંસારમાં રચ્યા-પચ્યા રહેવાની જે ભાવનાઓ પોષાય છે, સાધુઓના પવિત્ર જીવન ઉપર જે ખોટી શંકાઓ કરાય છે, તે બધાનું કારણ આ જડ સુધારાઓનો કેફ છે, અને પોતાની આંખે ચઢેલાં વિષય વાસનાના ચશ્માથી ત્યાગીઓને જોવાની અધમાધમ વૃત્તિ છે.

ત્યાગ માર્ગનો વિરોધ અને તેનાં સાધનો.

આ અધમવૃતિએ કહેવાતા વર્તમાન સુધારકોને માત્ર દીક્ષાથી ( ત્યાગ માર્ગથી ) વિમુખ બનાવ્યા છે. એટલુંજ નહિ પણ તે માર્ગ વિરૂદ્ધ અનેક પ્રકારનો, સાચો જુઠો પ્રચાર કરી, દીક્ષા અને દીક્ષિતોને ઉતારી પાડવાની પ્રવૃત્તિ તરફ દોર્યા છે. અને તેથીજ તેમના તરફથી નહિ ઇચ્છવા યોગ્ય પ્રચાર થઇ રહ્યો છે. આ પ્રચારમાં **દિક્ષા આપવાનાં સાધનો, નૂતન દીક્ષિતની સાધુ સંસ્થામાં કફોડી**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**સ્થિતિ, દિક્ષામાં સહાય આપનારનું સ્વાર્થી માનસ, અને સાધુ સંસ્થાની બદીઓ** એ ચાર તર્કટી સાધનોનો ઉપયોગ કરીને, તેઓ પ્રત્યેક દીક્ષા પ્રસંગે ઉપરની ચારે બાબતોમાં, કાગના વાઘ ચીતરીને, જાહેર જનતાને અવળે રસ્તે દોરવા પ્રયત્ન કરે છે; અને ભોળાભલા માણસોને, અવળા રસ્તે દોરી, પવિત્ર ત્યાગ માર્ગનો વિરોધ કરવા ભોળવે છે. ત્યાગ માર્ગનો વિરોધ કરનારાઓના વિરોધની ભૂમિકા દીક્ષાના સહાયકોના સ્વાર્થથી શરૂ કરાય છે. તેઓ એમ કહે છે, કે દિક્ષા અપાવનાર માતપિતાને ધનપ્રાપ્તિનો સ્વાર્થ હોય છે, અને તેમાં મદદ કરનારને પણ એજ પ્રકારનો સ્વાર્થ હોય છે. સાધુઓ પણ પોતાની સેવામાં એક ગુલામ વધારવાની ખાતરજ દીક્ષા આપે છે; અને તેના ઉપર મનમાન્યો ત્રાસ ગુજારે છે. તદ ઉપરાંત દીક્ષિત થયા પછી, દિક્ષાર્થી આત્મહિત સાધી શકતો નથી; અગર જે જીવન શાંતિને અંગે, સંસાર છોડીને તે દિક્ષિત બન્યો છે, તે જીવનશાંતિ પ્રાપ્ત થવાને બદલે તેનો આત્મા જુલમ અને ત્રાસના વાતાવરણમાં ગુંગળાઈ જાય છે, અને પોતાની સંસાર છોડવાની શુભ વૃત્તિને મુર્ખતા ગણી, પસ્તાઈ, સંસારમાં પાછા ફરવાની તેને ઇચ્છા થાય છે; છેલ્લે જે સાધુઓને પંચ મહાવ્રતધારી કહેવામાં આવે છે, જે સંસ્થાની પ્રત્યેક વ્યકિત પૂજ્ય ગણાય છે; તે સંસ્થા તેવા પ્રકારની નથી, એટલે કે સાધુઓ શિથિલાચારી, અને સ્વાર્થી છે, સાધુપદને ન શોભે તેવું હલકું કાર્ય કરવાવાળા છે. આ ચાર કલ્પેલાં તર્કટી હથિયારો વડે કહેવાતા સુધારકો દીક્ષા ઉપર આક્રમણો કરે છે, અને જાહેર પ્રજાને અવળે રસ્તે દોરી દીક્ષામાં અનર્થનો ભાસ કરાવી, દીક્ષા તેમજ દીક્ષિતો વિરૂદ્ધ જનતાને ઉશ્કેરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વડોદરાનો " **સંન્યાસ દીક્ષા પ્રતિબંધક નિબંધ** " આવી જાતની ઉશ્કેરણીનું જ પરિણામ છે. પણ આ બધા વિરોધો, અને આ બધી દલીલો, એટલી બધી પોકળ અને ગેરવ્યાજબી છે, કે તેના વિષે જરા સરખો ઉંડો વિચાર કરતાં, તેની નિષ્ફળતા અને અનર્થો આપણને સમજાય તેમ છે.

સન્યાસ દીક્ષા પ્રતિબંધ નિબંધનો ઉદ્ભવ.

કોઇપણ વિષય અગર સંસ્થાને ન્યાય ત્યારેજ આપી શકાય, જ્યારે તેની એકેએક વસ્તુને તે દૃષ્ટીથી વિચારાય. જેમકે પોતાની ભૂખ તૃપ્ત કરવાને માટે ભોજન લેવા બેઠેલો માણુસ, ભીખ માંગતા, અને રોટલીના ટુકડા માટે ટળવળતા ભીખારીને ન્યાય ત્યારેજ આપી શકે કે જ્યારે એ ભીખ માગવાની જરૂરીયાત, અને ભૂખના ત્રાસને અંગે કરવા પડતા આ કામ સંબંધી ઉંડો ઉતરે. કારણ કે જો એ ઉંડો નથી ઉતરતો, અગર તે સંબંધે યોગ્ય વિચારણા નથી કરતો તો ભીખારીની મશ્કરી કરી હાંકી કાઢવા સિવાય, એ કાંઈજ કરતો નથી. એજ રીતે ત્યાગી સંસ્થા સંબંધે કાંઇપણ વિચાર કરવાનો અધિકાર, તેનેજ છે, જે ત્યાગીની દૃષ્ટીથી ત્યાગમાર્ગનો વિચાર કરી ન્યાય આપી શકે. સંસારના વિષય કષાયમાં રક્ત રહીને, શરીર સુખના બાહ્ય સાધનોમાં રાચી માચીને; કોઇપણ સંસારી આત્મા દરેક સંસારી પ્રવૃત્તિને કર્મબંધનરૂપ સમજી તેનો સર્વથા ત્યાગ કરનાર, અને શરીરની અંદર રહેલી દિવ્ય આત્મશક્તિનાં વિકાસની ખાતરજ, આ શરીર અને તેની સર્વ શક્તિઓ ખર્ચવામાં મનુષ્ય જીવનની સાર્થકતા સમજનાર ત્યાગીને, કદિજ ન્યાય આપી શકવાનો નથી.

ન્યાય દૃષ્ટિ કેળવવા માટેની કેળવણી.

સંસારી આત્માનું ધ્યેય, પોતાનો બધો સમય અને શક્તિઓ શરીરની પુષ્ટી અને તેના રક્ષણ માટેજ ખર્ચવાનું હોય છે. જ્યારે ત્યાગીનું ધ્યેય, શરીરરૂપી સાધનવડે આત્મ

સંસારી અને ત્યાગીનાં ધ્યેય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિકાસ સાધવાનું હોય છે. સંસારીને મન શારિરીક સુખ આદર્શ છે, અને આ મનુષ્ય ભવમાં પ્રાપ્ત થયેલું શરીર, તે આદર્શની પ્રાપ્તિ માટેનું એક સર્વોતમ સાધન છે. તેથી તેની દરેક પ્રવૃત્તિ અને વિચારણા, શરીર સુખની સિદ્ધિને ખાતરજ હોય છે; જ્યારે ત્યાગીની દરેક પ્રવૃત્તિ અને વિચારણા અધ્યાત્મિક વિકાસ સાધવાની દૃષ્ટીએ શરૂ થયેલી હોય છે. આ રીતે તે બન્નેનાં ધ્યેય વચ્ચે, પૂર્વ અને પશ્ચિમ જેટલું અંતર છે, અને બન્નેનાં જીવન ઉત્તર, દક્ષિણ જેટલાં નિરાળાં છે.

ત્યાગીનો ન્યાય કરવાની સુધારકની અયોગ્યતા.

જે બાબતનું પોતાને કશું જ્ઞાન નથી, જેનો પોતે અનુભવ કર્યો નથી, અગર–કરતો નથી, જે ઉચ્ચ ભાવના ઝીલવાની પોતામાં તાકાત નથી. જે ઝીલીને જીવનમાં ઉતાર્યાનું પ્રમાણપત્ર, પોતે જનતા આગળ રજુ કરી શકતો નથી; તે સંસારી મનુષ્યોમાં મુક્તિના પંથે વિચરતા કર્મની નિર્જરામાં રકત થયેલા ત્યાગીઓને ન્યાય આપવાની કેટલી યોગ્યતા હોઇ શકે? અને યોગ્યતા સિવાય પણ જો તેમ કરવાનો મિથ્યા પ્રયત્ન આદરે તો તે કેટલો વજુદવાળો કહી શકાય? ત્યાગીઓ અને ત્યાગ માર્ગ ઉપર આક્ષેપો કરનારા એ કહેવાતા સુધારકોને, અમે પુછીએ છીએ કે તમે જે નહિ ઇચ્છવા યોગ્ય પ્રવૃત્તિ આદરી બેઠા છો, તે આદરવા માટેની તમારી યોગ્યતાનો વિચાર તમોએ કદીએ કર્યો છે? અને જો કર્યો હોય, તો જગતને જણાવો, કે આવી અધમ પ્રવૃત્તિ આદરવાના તમારી પાસે શું કારણો છે? અને તે માટે તમારી કેટલી લાયકાત છે!

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૩

## ત્યાગ ધર્મ સામેના આક્ષેપો અને તેનો જવાબ.

એક વ્યક્તિ બીજા ઉપર જ્યારે કોઈપણ જાતના આક્ષેપો કરવા, અગર તેને ઉતારી પાડવાના હલકા પ્રયત્નો તરફ પ્રેરાય છે, ત્યારે તેના એવા આક્ષેપો કરવાના હલકા પ્રયત્નોમાં, એક અગર બીજી રીતે—પ્રત્યક્ષ અગર પરોક્ષપણે તે આક્ષેપ કરનાર વ્યક્તિનું પોતાનુંજ પ્રતિબિંબ તેમાં રજુ થાય છે. જે જે કુટિલ ભાવનાઓ તે આક્ષેપ કરનાર વ્યક્તિના અંધારા ખુણામાં ભરાયેલી હોય છે, તે કુટિલ ભાવનાઓ આવા પ્રસંગે જાણતાં અજાણતાં બહાર આવે છે. અને તે વ્યક્તિના વ્યક્તિત્વનું માપ કાઢવાનું સારામાં સારૂં સાધન જાહેર જનતાને પ્રાપ્ત થાય છે. પવિત્ર ત્યાગ માર્ગ ઉપર આક્ષેપ કરનાર એ સુધારકોની પણ આજ દશા છે. ત્યાગ માર્ગ ઉપર આક્ષેપો કરવા માટેના કારણો:— આક્ષેપ કરનારનું માનસ.

(૧) સગીરમાં સજ્ઞાનપણાનો અભાવ.

(૨) દીક્ષા અપાવનારાઓનો સ્વાર્થ.

(૩) દીક્ષા લીધા પછી દીક્ષિતની થતી દયાજનક સ્થિતી.

(૪) દીક્ષિત ઉપર ગુરૂઓ, અથવા કહેવાતા વડેરાઓનો જુલમ.

(૫) વર્તમાન સાધુ સંસ્થાનો સડો.

આ બધાં ચાધનો તેમનાં પોતાનાંજ માનસ, અને અધમ દશા વ્યક્ત કરનારા છે. કહેવાતા સુધારાને નામે જે જે પાપાચરણો, શોષણ નીતિઓ, અને જુલમની ઝડીઓ, પોતાના સ્વાર્થની ખાતર જાહેર પ્રજા ઉપર સફાઇભરી રીતે એ સુધારકો પોતાનો સ્વાર્થ સાધવાની ખાતર વર્ષાવી રહ્યા છે તેનું પ્રતિબિંબજ આ આક્ષેપોમાં પડેલું છે.

P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust

સજ્ઞાનપણાના અભાવનો જવાબ

સુધારકો કહે છે કે 'સગીર ઉંમરના દીક્ષિતને સજ્ઞાનપણું પ્રાપ્ત થયું નથી. તેથી જે આશ્રમમાં એને મુકવામાં આવે છે, તે આશ્રમનું તેને જ્ઞાન નથી. અને તેની જાણુ સિવાય તેને ત્યાગ માર્ગે વાળવો, અથવા ત્યાગ માર્ગમાં જોડવો તે અનર્થકારી છે. આ દલીલો કરનારા એ સુધારકોને અમો પુછીએ છીએ કે પાંચ વર્ષની ઉંમરના બાળકને તેની ઇચ્છા વિરૂદ્ધ, બળાત્કારે નિશાળે મુકવામાં, અને ત્યાં મુકીને પાંચ પચીસ વર્ષે તમને રોટલો ખવરાવે તેવું શિક્ષણ અપાવવામાં, એટલુંજ નહિ પણ તે શિક્ષણ માટે રાજ્ય તરફથી ફરજીયાત કાયદા કરાવવામાં, બાળક કેટલી સમજણપુર્વક અને સ્વેચ્છાથી ત્યાં જોડાય છે, તેનો વિચાર સરિખો કોઇ દિવસ કર્યો છે? જે નિશાળે બાળકને ભણવા મોકલો છો, તે નિશાળની ઉંચી શ્રેણીઓ, ભવિષ્યનો અભ્યાસક્રમ, અને ત્યારપછી તેને મળતા ફળનો બાળકને કેટલો ખ્યાલ હોય છે, તેનું માપ

વ્યવહારીક શિક્ષણ વખતે સજ્ઞાનપણું વિચારાય છે?

કોઇ દિવસ કાઢયું છે? જે જાતનું શિક્ષણ આપવા માટે બાળક ઉપર બળજોરી કરવામાં આવે છે, તે શિક્ષણ બાળકના સ્વભાવને—કેટલું સાનુકુળ છે, તેનો વિચાર કરી ઘટતો બંદોબસ્ત—કરવામાં આવ્યો છે? નહિજ, ત્યાં તો એમ સ્વીકારી જ લેવામાં આવ્યું છે, કે માતાને પેટે જન્મ લેનાર પ્રત્યેક બાળક, વ્યવહારીક કેળવણી લેવા લગ્ન કરવા. પૈસા કમાવા અને પોતાની બૈરી છોકરાનું ભરણપોષણ કરવા માટેજ આ જગતમાં જનમ્યો છે. તેને ઇચ્છાએ, અગર અનિચ્છાએ, મરજીયાત, અગર ફરજીયાત, આટલું કરવાનું જ છે. માટે તે રસ્તે તેને બચપણથી ચઢાવી તે કરી શકે તેવો તૈયાર કરવો જોઇએ. અને તે માટેજ તમો એને તૈયાર કરો છો. આ તૈયાર કરવામાં નથી જોતા બાળકનું સજ્ઞાનપણું, નથી જોતા એનો સ્વભાવ, કે નથી જોતા બીજું કાંઇ. તમારો તો એકજ આશય, કે કોઇપણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભોગે તેને રળતો, કમાતો, અને બૈરી છોકરાવાળો જોવાનો હોય છે. અને તે માટે તમો જે કાંઇ કરી શકો તેમ હો છો, તે બધુંયે કરો છો.

માતપિતાને બાળકને બચપણથી ધર્મ માર્ગે વાળવાનો દરેક અધિકારછે.

જો બાળકને સંસારી બનાવનાર વાલીઓ અગર માબાપો, બચપણથી જ સંસાર ચક્રમાં પીસાવા માટેની તૈયારીઓ કરાવી શકે, અને સંસાર ચક્રમાં, પીસાવા માટેના સંસ્કારો નાખી શકે; તો જે માબાપો આ મનુષ્ય ભવને આત્મ વિકાસ સાધવાની, અને કર્મના બંધ છેદવાની સાંપડેલી મહામુલી તક ગણે છે, અને જે ગણાવી જોઇએ તેઓ પોતાના બાળકને બચપણથીજ તે માર્ગે શા માટે ન વાળી શકે ! અને ધર્મના સંસ્કારો બાળકમાં કેમ ન નાંખી શકે ! જો જરા ન્યાયદૃષ્ટીથી વિચારાય તો સ્હેજે સમજી શકાય તેમ છે, કે બેમાંથી ગમે તે માર્ગે વાળવામાં આવે છે તે વખતે બાળકની સ્થિતિ તો સામાન્ય રીતે એકજ પ્રકારની છે. બાલ્યકાળ એ બાળકને માટે ગ્રહણ કાળ છે, અને તે કાળમાં તેની આજુબાજુ, જે જાતનું વાતાવરણ ઉભું કરવામાં આવે છે; એ વાતાવરણમાંથી તે બાળક પોતાનું ભાવિ જીવન ઘડે છે. સંસારી વાતાવરણમાં રહેતા બાળકમાં સંસાર સુખની ભાવના વિકસે છે. અને ત્યાગમય વાતાવરણમાં ઉછરતા વાતાવરણમાં ત્યાગ–ભાવના વિકસે છે. આ વિકાસ જોવાને માટે નિષ્પક્ષ દૃષ્ટિથી જોવાની આવશ્યક્તા છે.

દીક્ષા અપાવવામાં માબાપ અને મદદગારોનો કાઇજ સ્વાર્થ નથી. મહાન ભોગ છે.

સુધારકોનો બીજો આક્ષેપ દીક્ષાર્થીઓને મદદ કરનારના સ્વાર્થનો છે. તેઓ એમ કહે છે કે એ દીક્ષાર્થીઓને પ્રાપ્ત થયેલા, અગર થવાના વારસા વિગેરેના હિવાની હકો, અગર તેની મીલ્કત હજમ કરવાના દુષ્ટ ઈરાદાથીજ, તેના પાલક, સગાસંબંધી, અગર લાગતા વળગતાઓ તેને દીક્ષા અપાવે છે. અને આ દીક્ષાના કામમાં મદદ કરનારાઓ પણ તેની મીલ્કત ખાઈ જવાની, બદ દાનતથી એમાં મદદ કરે છે સાધુઓની પણ દીક્ષા આપવામાં આવીજ મનોદશા હોય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આક્ષેપકાર નું માનસ.

આ આક્ષેપ કરનારના માનસ કેવળ પૈસાનેજ જીવન ધ્યેય માનનારાં હોય છે; તેથી લક્ષ્મીની ખાતરજ ગમે તેવું હલકું કામ કરવાની શંકા તેઓ બીજાઓમાં કરે છે, એમ આપણે સ્પષ્ટ જોઈ શકીએ છીએ. કારણ કે બાળક સગીર અવસ્થામાં માતાપિતાનું ઘર છોડી, બીજા સંસારીને ત્યાં જાય, કોઈને દત્તક અપાય, અગર કોઈને ખોળે સોંપાય, એટલે સંસારી અવસ્થામાં તેની સ્થિતિ બદલાય, અને બદલી શકાય, તેવા દત્તક વિગેરે લેવાના કાયદાઓમાં, તેમને નથી જણાતો માબાપનો સ્વાર્થ, નથી જણાતો દત્તક લેનારનો સ્વાર્થ, કે નથી જણાતો તેમાં મદદ કરનારનો સ્વાર્થ, આ માટેનો વિરોધ કોઈપણ સુધારક તરફથી થયેલો હોય એવું જાણમાં નથી. આ રીતે દત્તક આપીને બાળકના દિવાની હકોમાં, ગમે તેટલો ફેરફાર કરવામાં આવે, તેમાં રાજ્યને અગર સુધારકોને કોઈના સ્વાર્થની ગંધ સરખી પણ આવતી નથી. પણ તેજ બાળક જ્યારે સંસાર ત્યાગ કરવાના સંસ્કારો મેળવવા માટે પ્રયત્નશીલ થાય અને માબાપ પાલક અગર બીજાઓ તેને મદદ કરે ત્યારે સર્વ પ્રકારના સ્વાર્થની ગંધ શા કારણથી આવતી હશે? સ્હેજે સમજાશે કે **પોતાની દૃષ્ટિએ બીજાને જોવાની ટેવથી.**

સ્વાર્થની શંકાનું કારણ.

સહુ કોઈ કબુલ કરે છે, કે આ યુગ જડવાદ પ્રધાન યુગ છે. અને આ યુગમાં પ્રત્યેક સંસારીની નેમ અર્થસંચય અને શારિરીક સગવડતાના વિપૂલ સાધનો એકત્રિત કરવાની છે. તેમજ આ યુગના પ્રત્યેક માનવની દૃષ્ટિ માત્ર અર્થ પ્રાપ્તિ માટે હંમેશાં તલસી રહી છે. અને જ્યાં જ્યાં કાંઇપણ બનાવ અગર ઘટના બનતી તે જુવે છે. ત્યાં અર્થની પ્રાપ્તિનોજ હેતુ હોવાની શંકા તેને ઉદ્ભવે છે. આ કારણેજ ઉપરના બધા આક્ષેપો કરાય છે. બાકી વાસ્તવિક રીતે જોતાં, દીક્ષા અપાવનાર માતપિતા અગર પાલક દીક્ષા અપાવવામાં અગર પોતાના બાળકને દીક્ષાના માર્ગે વાળવામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પોતાનો સ્વાર્થ કાંઈપણ સાધતા નથી; બલ્કે ભોગ આપે છે. પોતાનો બાળક મોટો થઈ, કમાઇને વૃદ્ધાવસ્થામાં તેમનું ભરણ પોષણ કરશે, અને તેઓ શાંતપણે વૃદ્ધાવસ્થામાં જીવી શકશે, એવાં સ્વપ્નાં દરેક પૂત્રવાન માતાપિતા જરૂર સેવે છે. અને એ ભાવી સુખની આશાએ તેઓ આનંદમાં રહે છે. જે માતા-પિતા પોતાને બાળકને ત્યાગમાર્ગે વાળે છે; તેઓ પોતાની આ અભિલાષાનો ભોગ આપે છે, અને તે ભોગ પોતાના પુત્રના હિતની દૃષ્ટિએજ અપાયેલો હોય છે. આ ભોગને અંગે, તેમને જે કાંઈ સહન કરવું પડે છે, તે માટે તે માતપિતા પ્રત્યે માનની દૃષ્ટીથી જોવાને બદલે સ્વાર્થના ચશ્મા ચઢાવી, તે ભોગને સ્વાર્થમાં પરિણમાવનાર સુધારકોને માટે વિશેષ શું કહેવું ! જેને દીક્ષાર્થી સાથે કાંઈજ સંબંધ નથી, પણ તેના એક પરમ પવિત્ર કાર્યથી આકર્ષાઈ તેમને મદદ કરવા માટે, જે પુણ્યશાળી આત્માઓ પ્રયત્ન કરે છે; અને જેમને કંચન અને કામિનીનો સર્વથા ત્યાગ કર્યો છે. તેઓ તે માર્ગે આવવા ઇચ્છિતા આત્માને સંસ્કાર આપે તે બધામાં પણ સુધારકોને પૈસાની પ્રાપ્તિનો સ્વાર્થજ જો નજરે આવતો હોય, તો તે માટે તેમની દયા ચિંતવવા સિવાય બીજું શું કરી શકાય ?

સુધારકોને દંભ.

૨. પ્રત્યેક જૈન, ત્યાગ માર્ગ ને જીવન આદર્શ ગણતો હોવાથી, કેટલાંક પુણ્યવંત કુટુંબોમાં તો સંસારી અવસ્થામાં પણ કેવળ ત્યાગમય સંયમી વાતાવરણ ગૂંજી રહ્યું હોય છે અને તેનો પવિત્ર વારસો તે કુટુંબમાં દરેક બાળકને જન્મસિદ્ધ હક્ક તરીકે પ્રાપ્ત થાય છે. આવાં પુણ્યશાળી કુટુંબોના બધા પુરૂષો અને સ્ત્રી સભાસદો આત્મકલ્યાણનો એકજ માર્ગ ચારિત્ર એકી સાથે ગ્રહણ કરે છે અને આવી રીતે પાલ્ય તથા પાલકો એકી સાથે દીક્ષિત થયાના તેમજ થતા હોવાના પુરાવા રજુ કરી શકાય તેમ છે. અત્રે દીક્ષા આપનાર અને લેનાર કેવળ આત્મકલ્યાણની ભાવનાથી તે માર્ગ સ્વિકારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. આવી દીક્ષાઓ જ્યાં સ્વાર્થની સંભાવના કરવાનું કારણ પણ નથી. તેવી પરમ ભાગવતી દીક્ષાઓ વિરૂદ્ધ પણ ચઢ્વા તદ્વા લખાણો અને સ્વાર્થના આક્ષેપો કરવા અને શરીરના હિત તથા સામાજિક વ્યવસ્થાના નામે ચારિત્ર માર્ગમાં કાંટા વેરવામાં જે સુધારકો હંમેશાં તૈયાર હોય છે અને સમાજ હિતની ડાહીડાહી વાતો કરે છે, તેજ સુધારકો મહામારી, મરકી, ભૂખમરો, બેકારી વગેરે સમાજના ખરેખરા આપત્તિના પ્રસંગે શું કરે છે તે આજે કોનાથી અજાણ્યું છે ?

દીક્ષા લીધા પછી દીક્ષિતનું જીવન.

સુધારકોની દીક્ષા વિરૂદ્ધની ત્રીજી દલીલ દીક્ષા લીધા પછી દીક્ષિતની થતી દયાજનક સ્થિતિ સંબંધી છે. તેઓ કહે છે કે દીક્ષિત થયેલાને આત્મહિત સાધવામાં મદદ કરવાને બદલે, તેમજ તેના આત્મહિતના કાર્યમાં તેને મદદ મળવાને બદલે; તેની સ્થિતિ દિક્ષા લીધા પછી એક ગુલામ જેવી બની જાય છે. દીક્ષિતનો ઉપયોગ પાણી લાવનાર, ખાવાનું લાવનાર કે પોટલા ઉપાડનાર નોકર તરીકે કરવામાં આવે છે. અને બીજી અનેક રીતે તેના ત્રાસ ગુજરાય છે. આ દલીલની પોકળતા સિદ્ધ કરવા જેટલું કહીએ તેટલું કહી શકાય; કારણ કે માત્ર પોતાના માનસમાંથીજ જાહેર જનતાને અવળે રસ્તે દોરવા માટે ઉપજાવી કાઢેલી, પોતાનાજ વર્તનનું પ્રતિબિંબ પાડતી, આ દલીલ છે. જે સુધારકો બીજાના ત્રાસની વાતો કરી, પ્રજાજીવનમાં દીક્ષિતો માટે ઘૃણા ઉત્પન્ન કરાવવાનો પ્રયાસ કરે છે, તે સુધારકો પોતે અને તેમનો સુધારો આજે જગત ઉપર કેટલો જુલમ વરસાવી રહ્યો છે તેનો વિચાર સરખો પણ તેમણે કોઇ દિવસ કર્યો છે ? ક્યાંથી કરે ! ચોવીસે કલાક ગુલામીમાં સબડતા તેમને જ્યાં નજર નાખે ત્યાં ગુલામી સિવાય બીજું શું નજરે પડે ?

આક્ષેપ કરનારા પોતાનું ગુલામી જીવન નિહાળશે ?

આજના સુધરેલા જીવનમાં, જનમ્યા પછીની પ્રત્યેક ઘડી જ્યાં ગુલામીમાં પસાર થતી હોય, રોટલા આપનારની ખુશામત કરવા માટે, ધર્મ, સમાજ કે રાષ્ટ્રને ભુલી, જ્યાં હંમેશાં હાજી હા કરવાનું હોય, જે સુધરેલાનો મોટો ભાગ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્વતંત્ર ધંધાઓ મૂકી દઈ, ગુલામીમાંજ જીવન વ્યતિત કરતા હોય, અને સુધર્યા પછી મોટે ભાગે તે રસ્તેજ જીવન વ્યતિત કરવાનુંજ હોય અને ભાવિ પ્રજા માટે એજ ગુલામીના આદર્શ જ્યાં રખાતા હોય, ત્યાં વર્તમાન સુધારાની સર્વ પ્રકારની ગુલામીથી પર, પવિત્ર ત્યાગ માર્ગ અને તેમાં અસાધારણ તપ અને સંયમદ્વારા થતી આત્મસાધનામાં એ ગુલામ માનસો ગુલામી સિવાય બીજું શું જોઇ શકે ? કારણ કે ગુલામીથી પર રહીને જોવાની તેમનામાં શક્તિજ નથી. એક વિદ્વાને કહ્યું છે કેઃ—"**જે ગુલામ છે, તેજ બીજા ઉપર જુલ્મ વર્સાવી શકે છે, અને બીજાને ગુલામ બનાવી શકે છે.**" આ વાકય સુધરેલા સમાજમાં જ્યાં જ્યાં નજર નાખીએ છીએ, ત્યાં અક્ષરશઃ સત્ય છે એમ જોઇએ છીએ; પણ ત્યાગી સંસ્થા જે પોતાના તપ અને સંયમના બળે કરીને આજ લગી આ સુધારાની ગુલામીથી પર રહી શકી છે, ત્યાં જો નિષ્પક્ષ દૃષ્ટિથી નિરીક્ષણ કરીએ, તો આજે પણ સંપૂર્ણ આનંદ અને સંપૂર્ણ સ્વતંત્ર વાતાવરણ ગરજી રહ્યું છે. તે સંસ્થાના પ્રત્યેક સભાસદની ભાવના, સેવા કરાવવાની નહિ, પણ કરી છૂટવાની છે. તેમાંના પ્રત્યેકનું જીવન તપ, અને સંયમથી ભરપૂર છે. કંચન અને કામિની સર્વને ત્યાજ્ય છે. અહિંસા અને સત્યનું પાલન જીવનથી પણ વધારે પ્રિય છે. આવી પરમ પવિત્ર સંસ્થાના વાતાવરણના કયા ખુણામાં ગુલામી જેવી ગંદી ચીજ અસ્તિત્વ ટકાવી શકે ! સાધુ સંસ્થામાં ગુલામીનો આક્ષેપ કરનારાઓને જે દૃષ્ટિથી ત્યાં જીવન જીવાય છે, તે દૃષ્ટિથી એ સંસ્થાનો અભ્યાસ કરવા અમો સૂચવીયે છીએ, અને એમને ખાત્રી આપીએ છીએ કે, તમારા ગુલામ માનસને થોડી વાર ભૂલી જઇ, એ સંસ્થા અને તેના પ્રત્યેક સભાસદની દિનચર્યાનો જો સાચો અભ્યાસ કરશો, તો આજે એ મહર્ષિઓના આત્મવિકાસના કાર્યોમાં, તમોને દૃષ્ટિવિપર્યાસને લીધે જ્યાં ગુલામી દેખાય છે; ત્યાંજ સાચી શાંતિ સ્વતંત્રતા, અને મનુષ્ય જીવનના

ત્યાગીઓ વર્તમાન સુધારાની ગુલામીથી પર છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આદર્શની સિદ્ધિ નજરે આવશે. તમો જરૂર યાદ રાખો કે સાધુ સંસ્થાનો પ્રત્યેક સભાસદ, તે એ સંસ્થાનો સભાસદ છે કે જે સંસ્થાના સ્થાપક પ્રભુ મહાવીરે હસતા મુખે ચંડ કૌશિકને ડંશવા દીધો હતો.

પૂજ્ય સાધુ સંસ્થા.

દીક્ષાના વિરોધ માટે છેલ્લું હથિયાર સાધુ સંસ્થામાંની અવ્યવસ્થા, એ સંસ્થાનું અવ્યહવારીપણું, તેનો સમાજ પરનો ભારે બોજો, અને આચારવિચારમાં શિથિલતા વિગેરે પ્રસંગો ઉપસ્થિત કરી, તેના ઉપર યદ્વાતદ્વા લખી પ્રજાને ત્યાગમાર્ગ ઉપર અરૂચિ કરાવવાનું છે. તેમના આ બનાવટી પ્રચાર સામે કાંઇપણ કહીએ, તે પહેલાં એક વસ્તુ સમજી લઇએ કે કોઇપણ સંસ્થાની મહત્તાનો આંક તેની કોઇ અપવાદ રૂપ વ્યક્તિઓના વર્તનથી આંકી શકાતો નથી, એટલે કે દરેક સંસ્થામાં કેટલીક વિશિષ્ઠ વ્યક્તિઓ પણ હોય, અને કદાચ ભારે કર્મી વ્યક્તિ પણ હોય, તેથી વિશિષ્ઠ વ્યક્તિ જે અપવાદરૂપેજ હોઈ શકે છે, તેના ઉપરથી અથવા પાપોદયથી અવળે રસ્તે ચઢી ચુકેલી કોઇ અપવાદ રૂપ વ્યક્તિની ભારે કર્મી પાપોદયના પરિણમો નહિ ઇચ્છવા યોગ્ય રહેણીકરણી ઉપરથી તે આખી સંસ્થાની પ્રગતિ અગર અવનતિનું માપ કોઇ દિવસ કાઢી શકાતું નથી, અને તે રીતે જો કોઈ કાઢતો હોય, તો તેની દયા ખાધા સિવાય બીજું શું કરી શકાય?

સામાન્ય નિયમ તો એ છે કે, જે સંસ્થા વિષે આપણે કાંઇપણ વિચારણા કરવા બેસીયે; તે સંસ્થા શા આશયથી સ્થપાઇ છે? તે સંસ્થાના સભાસદના નિત્ય નિયમ અને દિનચર્યા શું છે? તે સંસ્થામાં જવા માટે શું શું લાયકાત મેળવવી પડે છે? અને તે સઘળા મુજબ તે સંસ્થાની વ્યક્તિઓ કેટલા પ્રમાણમાં વર્તે છે? તે ઉપરથી નક્કી કરી શકાય. વિશેષમાં સાધુ સંસ્થા માટે તો, તેમાં પ્રવેશ કરવાનાં દ્વાર સકળ વિશ્વને માટે હંમેશાં ખુલ્લાં છે. સંપૂર્ણ જ્ઞાની એવા પરમ તારકોએ તે સંસ્થાના નિત્ય નિયમો અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બંધારણો ઘડી આપેલાં છે. તે સંસ્થાની પ્રત્યેક વ્યક્તિ સંસાર અને તેની પ્રવૃત્તિ વિષે કાંઇજ રસ લેતી નથી. તેઓ તો નિવૃત થઇ, આત્મસાધનામાં પોતાનુ જીવન વ્યતિત કરવાની પ્રતિજ્ઞા લઇને, આત્મ સાધનાના માર્ગે પ્રવાસ કરી રહેલા પ્રવાસીઓ છે. તે પ્રવાસના બોધપાઠો જાણવાને માટે, જેનામાં આત્મસાધના વિષે કાંઇક જાણવાની, અને યથાશક્તિ અનુસરવાની ધર્મબુદ્ધિ જાગૃત થઈ છે, તેઓ તેમના એ અનુભવસિદ્ધ જ્ઞાનનો, લાભ મેળવવા ઇચ્છિતા હોવાથી તેમના સંસર્ગમાં રહેવાનો પ્રયત્ન કરે છે. આવી સાધુ સંસ્થા સામે બખાળા કરનારાઓને અમો સૂચવીએ છીએ, કે જો તમે જે કહો છો, તે સાચું હોય, અને સાધુએ શું કરવું અને કેમ રહેવું, એ વિષે તેમના કરતાં જો તમને વિશેષ જ્ઞાન હોય, તો તમોને અમારાં અંતઃકરણનાં આમંત્રણ છે, કે જે મહાન સંસ્થાના દ્વાર સકળ વિશ્વને માટે હંમેશાં ખુલ્લાં છે, અને જે મહાન સંસ્થાના સભાસદો, પોતાના જ્ઞાન, તપ, અને સંયમવડે જગતની અધમાધમ વ્યક્તિને પણ અપનાવવાની શક્તિ ધરાવે છે, તે સંસ્થામાં તમો દાખલ થાઓ. કેવળ દ્વેષનેજ લીધે કરાતા મિથ્યા બકવાદનો ત્યાગ કરો, અને વર્તમાન સાધુ સંસ્થાને આદર્શ થઈ પડો તેવા સાધુ બનો, જે સાધુત્વને આજે નિંદો છો, તે સાધુત્વની પ્રત્યેક ખામી, તે સંસ્થાના સભાસદ બનીને નિવારો; આમાંજ સાચો સુધારો છે, સાચા જગકલ્યાણની ભાવના છે.

સુધારકોને સાચા સુધારાનું સૂચન.

બાકી જે સંસ્થા વિષે તમને કાંઇપણ જ્ઞાન નથી, જેના વિષે જરાયે અનુભવ નથી, જે સંસ્થાના પ્રવેશદ્વારમાં પગ મૂકવા જેટલી હિંમત નથી, જે સંસ્થાનું તેજ ઝીલવાની તાકાત નથી; તે સંસ્થા સામે કેવળ બખાળા કરવાથી કશુંયે વળવાનું નથી. તમે ચોક્કસ માની લેજો કે મુક્તિ માર્ગ તરફ કૂચ કરવા માટે સંસારના સર્વ પ્રકારના બંધનોનો એકી સાથે ત્યાગ કરવાની જેમણે હિંમત દેખાડી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યાગીઓનું વિશિષ્ટત્વ.

જે શરીર સુખની પાછળ આપણે સંસારીઓ જીવનની સઘળી શક્તિઓ આમરણાન્ત હોમી દઇએ છીએ, એ શરીર સુખની પરવા કર્યા સિવાય પ્રભુ મહાવીરની આજ્ઞા એજ ધર્મ—અને આ શરીર એ ધર્મ સાધનાનું સાધન એમ જેણે—સ્વીકાર્યું છે, એટલુંજ નહિ પણ પોતાના જીવનમાં ઉતાર્યું છે, એ ત્યાગીઓને મન તો તમારી વાહવાહ, અગર નિંદા, તમારો વિરોધ અગર અનુમોદન, તમારી ભક્તિ અગર વૈરબુદ્ધિ, અને તમારી સાનુકુળતા અગર પ્રતિકુળતાની કશીજ (પડી નથી) કિંમત નથી. કારણ કે તેઓ તે બધાથી પર થઇ ચૂકેલા છે. પણ એ સંસ્થા સામે જાણતાં અજાણતાં કોઇ વ્યક્તિથી થઇ ગયેલા દોષનો ગેર-લાભ લઇને, રજનું ગજ કરીને, તમે સંસારી આત્માઓના હૃદયમાં એ પરમ તારકના પ્રતિનિધિઓ સામે કુશંકા ઉત્પન્ન કરવાનાં જે કાર્યો કરી રહ્યા છો. તમારાં તે કાર્યો સમસ્ત માનવ જાતિનો દ્રોહ કરવા બરાબર છે. અને સુધા-રાને નામે થતા એ દ્રોહનો જવાબ, માનવ જગત એક વખત જરૂર માગવાનું છે.

પૂજ્ય ત્યાગીઓ-ના ઉપકારો

આ રીતે ત્યાગ માર્ગની સર્વ શ્રેષ્ઠતા અને એની સામેના આક્ષેપોની નિરર્થકતતા આપણે જોઇ, પણ ત્યાગ માર્ગ સામેના આક્ષેપો નિરર્થક છે, એટલુંજ બસ નથી; જગત ઇતિહાસમાં અવગાહન કરનાર અને જગત ઉપર ખુલ્લી દૃષ્ટિ રાખીને ફરનાર પ્રત્યેક મનુષ્ય સ્હેજે જોઇ શકે છે કે, દીક્ષિત સંસ્થા સ્વઆત્મ કલ્યાણ સાધી રહી છે. એટલુંજ નહિ પણ સકળ વિશ્વનું અનેક પ્રકારે ભલું કરી રહી છે. સમાજમાં નીતિ અને ધર્મ ટકાવી રાખી સુલેહ સંપ જાળવવામાં મદદ કરનાર જો કોઇ સંસ્થા હોય તો, તે આ ત્યાગી સંસ્થા છે.

સાંસારીક કાર્યોમાં રચ્યાપચ્યા રહેતાં, આપણી ભાવના હમેશાં જડ વસ્તુઓના સમુચ્ચય તરફ દોરાય છે, આત્મા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગૌણ બની શરીર તેના ઉપર અધિકાર ભોગવે છે. અને જીવનો દરેક વ્યવહાર શારિરીક સુખ મેળવવાની ભાવનાથી જ શરૂ થાય છે. પરિણામે માનવ જાતિમાં પરસ્પર હરીફાઇ વધે છે, જે હરીફાઇ કાળાંતરે અદેખાઇના રૂપમાં પરીણમે છે, અને આખરે સર્વનાશ નજરે પડે છે. આ બાબતનો તાદૃશ પુરાવો યુરોપ અને અમેરિકાનો ગણાતો સુધારાવાળો જમાનો આપણને પુરો પાડે છે. યુરોપ અને અમેરિકાનાં બધાં રાષ્ટ્રોમાં શારિરીક સુખની, અને એશ-આરામના સાધનો મેળવવાની તીવ્ર હરીફાઇ ચાલી, તે મેળવવા માટે અનેક સાહસો ખેડાયાં, વિપૂલ ધનભંડારો ખર્ચાયા, અને કેટલાક નરરત્નોનો ભોગ પણ અપાયો. અનેક પ્રકારની વૈજ્ઞાનિક, ભૌગોલિક, અને ખગોળવિદ્યાની શોધો કરાઇ. રાક્ષસી યંત્રો અને કારખાનાંઓ ઉભા થયાં. તે દેશમાં જન્મ લેનાર પ્રત્યેક મનુષ્યનો આદર્શ અર્થ સંચય જ રખાયો, અને એ અર્થ સંચય માટેજ, સર્વ જગ્યાએ સમસ્ત પ્રજાની તમામ શક્તિઓ ખર્ચાવા લાગી, પરિણામે દરેક રાષ્ટ્રમાં બુદ્ધિશાલીઓ, અને સાધન સંપન્ન વ્યક્તિ-ઓએ મૂર્ખ અને સાધનહીન મનુષ્યોને ગુલામ જેવી સ્થિતિમાં લાવી મુકયા, અને સ્થળે સ્થળે મજુર અને મુડીવાળાના પક્ષો ઉભા થયા. મજુરની ભાવના શેઠને લુંટ-વાની અને શેઠની ભાવના મજુરને લુંટવાની હોવાથી સમસ્ત સમાજમાં અવિશ્વાસ ફેલાયો, અને કેટલાક દેશોમાં તો એ અવિશ્વાસે ખૂનખાર લઢાઇનું ભયંકર રૂપ ધારણ કરી, નબળા પક્ષને નષ્ટ કર્યો. બધાંએ રાષ્ટ્રોમાં પણ આ સ્થિતિ જ પ્રવર્તી. અર્થપ્રાપ્તિ એજ જીવન આદર્શ, અને એની ખાતર સર્વ વસ્તુઓનો ભોગ આપવો જોઇએ, એ સ્વાર્થ વૃત્તિએ યુરોપના રાષ્ટ્રોને લૂંટારા બનાવી દીધા. વૈજ્ઞાનિક સાધનો અને બુદ્ધિના બળે આખાએ જગત ઉપર એમણે ભયંકર લૂંટ ચલાવી અને લૂંટનો ભાગ વહેંચવા માટે પરસ્પર લઢયા. પરિણામે જગતે ફરી જોયું

પૂજ્ય ત્યાગીઓ-નીસર્વોપરિ સત્તા આવશ્યક છે.

જ્યાં ત્યાગીઓની સર્વ શ્રેષ્ઠતા નહોતી સ્વીકારાઇ.

સુખની શોધમાં દુઃખના ડુંગરનાં દર્શન.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુખનો સંબંધ આત્મા સાથે છે. શરીર અને બાહ્ય સાધનો સાથે નથી.

અગર સાંભળ્યું નથી એવું,–જેમાં અસંખ્ય દ્રવ્ય અને કરોડો મનુષ્યોના પ્રાણ લેવાયા, એવું મહાભયંકર યુદ્ધ લઢાયું. સુખની શોધમાં ફરનારા એ પ્રશ્ચિમવાસીયોને તેમના સુધરેલા જડવાદમાં કેવળ દુઃખના ડુંગરા દેખાયા. સુધારાનો સુખાભાસ તેમને સમજાયો, અને સુખનો સંબંધ માત્ર શરીર અને બાહ્ય સાધનો સાથે જ નથી પણ જે શક્તિદ્વારા, શરીર સઘળી ક્રિયાઓ કરી શકે છે, તે દિવ્ય શક્તિ સાથે છે, એમ તેઓમાંથી કેટલાકને સમજાયું, અને તે દિવ્ય શક્તિ વિષે કાંઇક વિશેષ જાણવાની ખાતર, જે દેશમાં અસંખ્ય મહાત્માઓએ શાશ્વત સુખની શોધ માટે જીવન વ્યતીત કરી, તેમાં સંપૂર્ણ સફળતા મેળવી છે, તે ભારતવર્ષ, તેનુ પ્રજાજીવન, અને તે પ્રજાજીવનના અંતઃકરણ ઉપર રાજ્ય કરતી પવિત્ર ત્યાગી સંસ્થા તરફ તેમણે મીટ માંડી–કેવળ જડવાદ ઉપર અવલંબાયેલી પાશ્ચાત્ય સંસ્કૃતિ–આટલા ટુંક વખતમાં જ્યારે નિષ્ફળ પામી, ત્યારે અધ્યાત્મવાદ ઉપર સ્થપાયેલી આર્ય સંસ્કૃતિ આજે હજારો વર્ષથી અબાધિતપણે ચાલી આવે છે, અને પ્રજાને તેનાથી સુખ અને સંતોષ પ્રાપ્ત થયાં છે, આ બધાનું કારણ તે સંસ્કૃતિની પૂજારી પ્રજા ઉપર ત્યાગી સંસ્થાનો કાબુ છે.

ત્યાગ ભાવનાનો જગતની શાંતિમાં ફાળો

ત્યાગમાર્ગ જેનો આદર્શ છે, અને તે માર્ગે વિચરતા મહાપુરૂષો જેને પૂજ્ય છે. તે પ્રજાના આચારમાં નહિ તો વિચારમાં ત્યાગમાર્ગ પ્રત્યે પૂજ્યબુદ્ધિ અને આદરભાવ, જરૂર ઉત્પન્ન થયેલાં હોય છે; અને જ્યાં જ્યાં તક પ્રાપ્ત થાય છે, ત્યાં ત્યાં પરમ ગુરુની આજ્ઞાનુસાર તે પ્રજા યથાશક્તિ ત્યાગ કરવામાં જીવન સાફલ્ય માને છે. પ્રજાના દરેક સભાસદની ભાવના યથાશક્તિ ત્યાગ કરી છુટવાની હોય છે અને તે માટે તે હંમેશાં પ્રવૃત્ત રહેતો નજરે પડે છે. આવી ત્યાગપ્રેમી પ્રજાના જીવનમાં કલેશના કારણભૂત જડ વસ્તુઓ તરફનો મોહ, સ્વાભાવિક રીતેજ ઓછો હોવાથી અને

P. P. Ac. Gunratnasuri M.S.	Jin Gun Aaradhak Trust

જરૂર પડે તેનો ત્યાગ કરવાની ભાવના પ્રજામાં વિકસેલી હોવાથી, પ્રજાનાં સુલેહ શાંતિ અને સંપ અક્ષલિત રહે છે. આપણો ભારતવર્ષનો ઇતિહાસ આ બાબતના સારામાં સારાં પ્રમાણપત્રો રજુ કરી શકે છે. આજના કોઇપણ ધનાઢ્ય દેશ કરતાં વધારે ધન સંપત્તિ અને વિલાસનાં સાધનો પોતાની પાસે હોવા છતાં, ભારતવર્ષમાં આંતરયુદ્ધ થયાનો પુરાવો ક્યાંય નજરે પડતો નથી. એટલુંજ નહિ પણ મુડીવાળાઓ, અને ગરીબ હાથમાં હાથ મેળવીને રહેતા હોવાના પુરાવા સંખ્યાબંધ મળી આવે છે, ભારતીય જીવન, અને ભારતીય સંસ્કૃતિની એજ વિશેષતા છે. આ બધો પ્રતાપ એ ત્યાગી સંસ્થાનો નહિ તો બીજા કોનો છે? એ નિર્વિ-વાદ છે કે ત્યાગીઓ ત્યાગી જીવનમાં તપ, સંયમ, અને આત્મ સાધનાવડે પોતાનું આત્મહિત સાધે છે, તે ઉપરાંત પોતાના ઉચ્ચ ચારિત્રથી જે પવિત્ર વાતાવરણ જમાવે છે, તે માટે સર્વ પ્રજાઓ તે સંસ્થાની ઋણી છે.

જીવનની છેલ્લી પળે એકજ શરણ.

પોતાના હૃદય ઉપર હાથ મૂકીને પૂછનાર દરેક વ્ય-ક્તિને જરૂર સમજાશે, કે પોતે ગમે તેટલા ધમપછાડા કરતા હોય, અગર ગમે તે કારણે ગમે તે પ્રકારનું વર્તન રાખતા હોય, છતાં અંતિમ સુખના માર્ગ, અને તે પ્રાપ્ત કરવાનાં સાધન સાધુ સંસ્થાએ જે રીતે માન્ય રાખ્યાં છે, તેજ રીતે તેને માન્ય છે. અને તેની મૂંગી પણ સચોટ કબુલાત જીવનની છેલ્લી ઘડીએ પ્રત્યેક મનુષ્ય જરૂર આપતો જાય છે. વિશ્વને આખરી સંદેશ પાઠવતો જાય છે, કે જીવનમાં મ્હેં, જે શારિરીક સુખ અને સગવડની ખાતર કર્યું તે બધું મિથ્યા હતું, મ્હારૂં પોતાનું આત્મપતન કરા-વનારૂં હતું, અને અનિત્ય હતું. તેની પાછળ ખર્ચેલી મ્હારી શક્તિઓ, અને સાધનો એળે ગયાં છે; અને એ બધાનો ફરજીયાત ત્યાગ, મ્હારે અત્યારે જ્યારે કરવો પડે છે, ત્યારે તેના અનર્થ મને સમજાય છે, આજે ભાવિ સુખની પ્રાપ્તિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માટે એ પરમ ત્યાગીઓનો આશ્રય શોધવાનો એકજ રસ્તો મ્હારી નજરે ચઢે છે, જે મરતાં મરતાં પણ જીવનની છેલ્લી ઘડીઓ સાર્થક કરવા માટે હું સ્વીકારૂં છું. જે દીક્ષિતો સમસ્ત સમાજને આ રીતે આશીર્વાદરૂપ છે; તેમજ સમાજને સંતોષ અને સંયમની માત્રાઓ આપી લોભ, અને ક્લેશરૂપી દુશ્મનોથી બચાવનાર છે; જીવનથી કંટાળી દુ:ખમાં રીબાતા, છેલ્લા ડચકાં ખાતાં આત્માને પણ શાંતિ આપે છે; અને પોતાના જીવનમાં વિતરાગની આજ્ઞાને ઉતારી, તેમના દ્વારા સાચા દેવ શોધી, આત્મહિત સાધવાનો આદર્શ પુરો પાડે છે. તે દીક્ષા અને દીક્ષિતોને સ્વપર કલ્યાણ કારી નહિ, તો બીજું શું કહેવાય ?

---

## પ્રકરણ ૩.

## ઇતિહાસના બોધપાઠ.

ત્યાગીઓની સર્વ શ્રેષ્ઠતા સ્વિકારવાના અનુભવ સિદ્ધ બોધપાઠ ઇતિહાસ શીખવે છે.

જગતના ઇતિહાસ તરફ નજર નાખતાં, આપણને એકજ અનુભવસિદ્ધ પ્રેરણા મળે છે કે, જગતમાં જન્મેલાં અને જન્મતા કોઇપણ મનુષ્ય કરતાં જેણે સંસારિક બંધનોનો ત્યાગ કર્યો છે, અને પરમ સુખની શોધ માટે યથાશક્તિ કર્યું છે; એ બીજી કોઇપણ કોટીના મનુષ્ય કરતાં વધારે સુખ ને શાંતિ ભોગવી શકયા છે. એટલુંજ નહિ પણ સકળ માનવ જાતિના પૂજ્ય ગણાયા છે અને ગણાય છે. એ મહાન આત્માઓ નાશવંત શરીરથી, જુદા થયા પછીથી પણ સદગુણોના આદર્શ રૂપે, હંમેશાં પૂજાયા છે. સત્તાધારી મહારાજ્યો, સામ્રાજ્યો, સમ્રાટો અને રાજવીઓ આ જગતમાં ઘણાએ થઇ ગયા છે, અને થશે, હજારોને હઠાવે એવા મહાયોદ્ધાઓ, યુદ્ધનીતિજ્ઞો, રણક્ષેત્ર ઉપર મોટાં યુદ્ધો લઢયા છે અને લઢશે, જેની જીભ્હા ઉપર સરસ્વતીનો વાસ છે, તેવા ઘણાએ વિદ્વાનો થઇ ગયા અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થશે; પણ એ બધાનાં ઐશ્વર્ય, પ્રતિભા, અને કીર્તિ ત્યાં, અને ત્યાં લગી ટકી છે, જ્યાં અને જ્યાં લગી, તેમનું અસ્તિત્વ હતું, અગર કદાચ તેમનાજ ક્ષેત્રમાં વિચરનારાઓનાં માનસમાં. સામાન્ય જનતાને તો તેની સાથે કાંઇ સંબંધ નથી, તેમના જીવન જાણવાની અગર તેને અનુસરવાની કાંઈ પડી નથી.

પ્રજા જીવનના હૃદયમાં ત્યાગીઓનું સર્વોપરિ સ્થાન.

બીજી બાજુ આત્મવિકાસના માર્ગમાં જેણે પોતાનું જીવન વ્યતીત કર્યું છે, પોતાના શરીર અને તેની સર્વ શકિતઓનો ઉપયોગ આત્મવિકાસ માટેના એક સાધન તરીકે કર્યો છે; તે મહાન યોગીઓ તેમના જીવનમાં પૂજાતા હતા, એટલુંજ નહિ, પણ જીવન પછીયે હજારો વર્ષ વ્યતિત થવા છતાં, તેમના પ્રત્યેની એ પૂજ્યભક્તિ, એ ભક્તિભાવ, એ આદર, અને તેમના પગલે ચાલવાની વૃત્તિ, સામાન્ય જનતામાં હંમેશાં ટકી રહે છે. એ મહાન વ્યક્તિનું ચિત્ર પોતાની સામે ખડું કરી, તેને લાયક થવા માટેની સાધનાઓ થાય છે. એજ પ્રભુ મહાવીર, ગૌતમબુદ્ધ, શ્રીરામ, શ્રીકૃષ્ણ, ઇસુખ્રિસ્ત, અગર મહમદ પયગંબર વિગેરે જે કાંઇ કહી ગયા છે, અગર કરી ગયા છે તે તમામ તેમના અનુયાયીઓને મન આદર્શ રૂપ છે. તેમના વિરૂદ્ધ બોલાતો એક પણ શબ્દ સાંભળવો, એ તેમના અનુયાયીઓને મન અસહ્ય કષ્ટ સમાન છે. તેમના જીવનની એક દશાની કાંઈક ઝાંખી કરાવતી, એ મૂર્તિ પ્રત્યે પણ તેમના અનુયાયીઓને એટલો બધો આદર અને પૂજ્ય ભાવ છે, કે તે મૂર્તિનું સ્હેજ અપમાન, જીવનઘાત કરતાં પણ વધારે ભયંકર લાગે છે. અને તેવા અપમાનના પ્રસંગો પ્રજાજીવનને એટલું હચમચાવી મુકે છે, કે મોટાં સામ્રાજ્યો પણ તેની સામે ટકી શકતા નથી. મુસલમાન અને મરાઠા ઇતિહાસ આ વાતની સાક્ષી પુરે છે. યુરોપનો પણ સોળમા સૈકાનો ઇતિહાસ એજ અનુભવ પાઠ શીખવી રહ્યો છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઐતિહાસિક પુરાવા

આ અનુભવ પાઠ ભણ્યા પછીજ, તેનાં માઠાં પરિણામો ભોગવ્યા પછી, અને ધર્મસત્તા તથા ત્યાગીઓની મહત્તા આગળ પોતાની તુચ્છતા નજરે નીહાળ્યા પછીજ પોતાની સલામતીને ખાતર અઢારમા અને ઓગણીસમા સૈકાના દરેક રાજ્યે કોઇપણ ધર્મની બાબતમાં, કોઇપણ બાબતનો હસ્તક્ષેપ નહિ કરવાના, અને પોતાના પ્રત્યેક શહેરીને ધાર્મિક બાબતમાં સંપૂર્ણ સ્વતંત્રતા આપવાનાં જાહેર વચનો આપ્યાં અને આજલગી તે પાળ્યાં. આજે પણ ધાર્મિક બાબતો અને ધર્મના પ્રાણરૂપ એ ત્યાગી સંસ્થા ઉપર અંકુશ વિગેરે મુકી, ધાર્મિક બાબતમાં હસ્તક્ષેપ કરવાની મહેચ્છા જો કોઇ રાજા, મહારાજા, અગર સમ્રાટ્‌ને થતી હોય, તો તેમને અમે પોતાની તે મહેચ્છા અમલમાં મૂકતાં પહેલાં ઇતિહાસના અનુભવસિદ્ધ સત્યો તરફ દૃષ્ટી નાખી ઘડીભર થંભી જવા વિનવીએ છીએ. સોળમા સૈકાની મહાન મોગલ સલ્તનત ઔરંગઝેબની ધર્માંધતાને લીધે નાશ પામી, અફઘાન અને પઠાણ રાજવંશો ધર્માંધતાને અંગે જરાયે સ્થિર થઇ શક્યા નહિ, અને અકાળે નષ્ટ થયા આખુંયે મુસલમાન સામ્રાજ્ય જ્યાં ગયું ત્યાં યુરોપ અગર એશિયામાં ધર્માંધતાને અંગે ટકી શક્યું નહિ. હિંદુસ્તાનમાં રાજસત્તા હાથમાં આવવાથી ધાર્મિક બાબતમાં ડખલ કરવાનો પ્રયત્ન કરનાર, એજ યુરપવાસી પોર્ટુગીઝો સ્થાનભ્રષ્ટ થયા, અને સુવર્ણનો ભરેલો એમનો પોર્ટુગાલ દેશ આજે ક્યાં છે તે આપણે જોઇ શકીયે છીએ. આ બધા બોધપાઠ ઉપરથી આજની પણ દરેક રાજસત્તા જરૂર માની લે, કે પ્રજાના ધાર્મિક સ્વાતંત્ર્યમાં ડખલ કરવા સરખો વિચાર કરવો એ હિતકર નથી. ભારતવર્ષની ધર્મમાર્ગે વળી ચુકેલી પ્રજા, કે જેને મહા તપસ્વી જ્ઞાનીઓએ આપેલા ઉંડા તત્વજ્ઞાનવાળા, અને જેને લીધે ભારતની સર્વોત્તમ સંસ્કૃતિઓ સરજાઇ છે, અને ટકી રહી છે. તેવા મહાન ધર્મોનો અને ધાર્મીક સંસ્કારોનો જન્મથી વારસો મળ્યો

રાજાઓને વિનંતિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધાર્મિક સ્વાતંત્ર્યમાં ડખલ કરવી હિતકર નથી.

**છે, અને આ વીસમી સદીમાં** પણ જે પ્રજાના મોટા ભાગમાં ધર્મશ્રદ્ધા અને ધાર્મિક સંસ્કારો ટકી રહ્યા છે, તે પ્રજા ધર્મને માટે દરેક ભોગ આપવા જરૂર તૈયાર રહેશે, દરેક રાજસત્તાએ સમજવું જોઈએ, કે હજુ આજે પણ મોટા ભાગના ભારતવાસીઓને મન પોતાની લક્ષ્મી, વૈભવ અને સંસારસુખ કરતાં ધર્મના નિયમોનું પાલન, અને ધર્મમાર્ગે સમર્પણ વધારે પ્રિય છે. તે પ્રજાએ ધર્મની રક્ષાની ખાતર આજ લગી ઘણા ભોગો આપ્યા છે, અને વર્તમાનમાં પણ આપતી રહી છે. આવી ધર્મપ્રજાની લાગણીઓ દુભવવાનું સાહસ કરવું શું યોગ્ય છે ? આજના રાજામહારાજાઓને આ ઐતિહાસિક અનુભવ કથાઓ કદાચ ગળે નહિ ઉતરે, અને ધર્મઘેલડાઓની પોકળ વાતો છે એમ કહી, તેને હસી કહાડવાનો પ્રયત્ન એ રાજસત્તાઓ અને તેના અધિકારીઓ કદાચ કરે પણ ખરા. છતાંયે અમારી પવિત્ર ફરજ સમજીને, એ ભારતિય આર્ય સંસ્કૃતીની રક્ષક રાજસંસ્થાઓને અમે વિનવીએ છીએ કે, આપના રાજ્ય-વહીવટમાં કોઈપણ જાતની ડખલ કરવાનો અમારો જરાયે ઈરાદો નથી. પણ કૃપા કરી જાણતાં અજાણતાં ધાર્મિક બાબતોમાં વચ્ચે આવી કોઈની ધાર્મિક લાગણી દુભવશો નહિ, અને કોઈના શુદ્ધ ધર્મ વર્તનની સ્વતંત્રતા ઉપર કોઈ જાતનો અંકુશ કદી મુકશો નહિ. અને પ્રત્યેક પ્રજા-જનને સંપૂર્ણ ધાર્મિક સ્વાતંત્ર્ય આપવાનો આખાયે જગતની રાજસત્તાઓએ સ્વહિતાર્થે સ્વીકારેલો સિદ્ધાંત હંમેશાં અસ્ખલીત રાખશો. **રાજા-**

રાજાઓને સૂચન

**ઓને** અમે ફરી સુચવીએ છીએ કે, પ્રજા જીવન ઉપર ધર્મ-અને ત્યાગીઓનો અસાધારણ કાબુ હોવાના સબળ કારણો છે. રાજસત્તા અગર રાષ્ટ્રનો સંબંધ ફક્ત આ શરીર સાથેજ છે. આ શરીર છૂટતી વખતે તે છૂટી જવાનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. જ્યારે ધર્મ સાથેનો સંબંધ અનાદિ કાળથી શરૂ થયેલો છે; હંમેશાં ચાલુ રહેલો છે; અને આત્મા જ્યાં લગી કર્મના બંધમાંથી સંપૂર્ણ મુક્તિ મેળવે, ત્યાં લગી ચાલુ રહેવાનો છે. રાજસત્તાને આગળ પાછળનો વિચાર કર્યા સિવાય ફક્ત અમારૂં શરિર અને તેને પોષવા પંપાળવાના સાધનોનોજ વિચાર કરવાનો હોય છે, જ્યારે ધર્મસત્તાને આ ભવ અને તેની ભાવિગતિનો પણ વિચાર કરી, એ માટેની પ્રથમથી તૈયારીઓ આ શરીર દ્વારા કરાવવાની હોય છે. રાજસત્તા શારિરીક મોહની નબળાઇનો લાભ લઇને મનુષ્યો ઉપર શાસન ચલાવે છે, જ્યારે ધર્મ સત્તા પરમ સત્યો સમજાવી, તેની આવશ્યક્તા સિદ્ધ કરી, તે સત્યોની શોધમાં જવાને તૈયાર કરે છે અને તેમાં મદદ આપે છે. એટલે રાજસત્તા બળાત્કારે ઠોકી બેસાડેલી સંસ્થા છે, જ્યારે ધર્મસત્તા આત્મહિતની દ્રષ્ટીએ સ્વચ્છાએ સ્વીકારેલી જગતની સનાતન સંસ્થા છે. રાજસત્તાના ઇતિહાસમાં સત્તાની લાલસા, અગર લક્ષ્મીની તૃષ્ણાની ખાતર લઢાયેલી ખૂનખાર લઢાઇઓ, હજારો નિર્દોષોનાં બલિદાન, રાષ્ટ્રની પ્રગતિને પહોંચેલો વારંવાર ધોખો; અને પ્રજાના રક્ષક મટી ભક્ષક બનવાના કરૂણ પ્રસંગો વારંવાર નજરે પડે છે. જ્યારે આર્ય ધર્મ સત્તાના ઇતિહાસમાં પરોપકાર ખાતર અપાયેલાં આત્મ-બલિદાનો, જગતની શાંતિને ખાતર થયેલાં મહાન સમર્પણો, જનઉપકારની ખાતર, સમર્પાએલાં અને સમપાતાં જીવનો સવના સુખની ખાતર કરાયેલા સક્રિય પ્રયત્નો વિગેરેનો જ્વલંત ઇતિહાસ નજરે પડે છે. અને એ ઇતિહાસ આ શરીરમાં રહેલી દિવ્ય શક્તિને જાગૃત કરી, તેનામાં સાત્વિક ભાવના રેડે છે. આથીજ ધર્મસંસ્થા અને તેના રક્ષક રૂપ ત્યાગીઓનું સ્થાન ઇતિહાસમાં અદ્વિતીય છે. અને સકળ વિશ્વના હૃદય ઉપર તે રાજ્ય કરે છે.

પ્રજાનો ત્યાગીઓ અને રાજાઓ સાથે સંબંધ.

૩. રાજસત્તા અને ધર્મસત્તાનો પૂર્વ ઇતિહાસ અને લોકજીવનમાં તેમણે પ્રાપ્ત કરેલા સ્થાનની સરખામણી અમો-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ રાજ્યસત્તાઓને ડરાવવા અગર બીજા કોઇ આશયથી નથી કરી. પણ ઇતિહાસસિદ્ધ અનુભવપાઠોની યાદ આપી તે દ્વારા રાજ્યસત્તા અને ધર્મસત્તાનો એક બીજા સાથેનો ભૂલાતો જતો સંબંધ અને બંન્નેની જવાબદારીઓ સમજાવી તેમની વચ્ચેનો સંબંધ મીઠો બનાવવાની દૃષ્ટિથીજ કરી છે.

---

## પ્રકરણ ૪.

## જૈન ધર્મ.

જૈન ધર્મ ત્યાગ પ્રધાન છે.

જગતના બીજા સર્વે ધર્મોની અપેક્ષાએ જૈન ધર્મ ત્યાગ માર્ગ તરફ વિશેષ વળેલો છે. બીજા શબ્દોમાં કહીએ તો જૈન ધર્મ એ કેવળ ત્યાગ ધર્મ છે. કારણ તેના દેવ અને ગુરુ બન્ને ત્યાગી છે. જૈન ધર્મના પ્રરૂપક તીર્થંકર દેવો સંસારની મોહજાળને તોડી સર્વ પ્રકારના સંસારીક બંધનોને ફગાવી દઇ, સાચા સુખની શોધ માટે પ્રયત્ન સેવનારા પરમ ત્યાગીઓ હતા. છેલ્લા ધર્મ સ્થાપક પ્રભુ મહાવીર દેવના ત્યાગી જીવનના પ્રસંગો, અને તે દરેક પ્રસંગે તેમણે બતાવેલી અસાધારણ શાંતિ, સહનશીલતા અને સમદૃષ્ટિ જગતના ઇતિહાસમાં અજોડ છે. ત્યાગી જીવનમાં એકલા હાથે પૂરેપૂરી શાંતિથી, માણસો તેમજ બીજાઓ તરફથી થતાં જે દુઃખ તેમણે સહન કર્યાં છે; અને એ બધાં કષ્ટ સહન કરવાં છતાં પણ પોતાના નિશ્ચયમાં અડગ રહી, આદર્શની જે પ્રકારે પ્રાપ્તિ કરી છે, તેનું બ્યાન વાંચતાં આજે પણ તેમના પ્રત્યે અસાધારણ માન અને પૂજ્ય બુદ્ધિ પ્રત્યેક વાંચકના હૃદયમાં જરૂર જાગૃત થાય છે. આદર્શ સિદ્ધ થયા પછી, આ પરમ ત્યાગી જેઓ (૧) હિંસા (૨) અસત્ય (૩) ચોરી (૪) મૈથુન (૫) પરિગ્રહ ( પૈસા વગેરેનો સમુચ્ચય ) (૬) ક્રોધ (૭) માન (૮) માયા (૯) લોભ (૧૦) રાગ (૧૧) દ્વેષ (૧૨) કલહ) (૧૩) અભ્યાખ્યાન (૧૪) પૈશુન્ય (૧૫) રતી અરતી (૧૬) પરપરિવાદ (૧૭) માયા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મૃષાવાદ (૧૮) મિથ્યાત્વ, એ અઢારે દુષણનો જય કરવાથી **જીન** થઇ ચુકયા હતા; તેમણે એ દુષણોને જીતવા માટેનો દુર્ગતિમાંથી બચવાનો જે અનુભવસિદ્ધ માર્ગ બતાવ્યો તે જીનમાર્ગ કહેવાયો, અને તેના અનુયાયીઓ જૈન નામે ઓળખાયા. પ્રભુ મહાવીર દેવે ત્યાગ અંગીકાર કર્યાં પછી સાડાબાર વર્ષ લગી ઘોર પરીસહ ઉપસર્ગો સહન કરી આત્મધ્યાન કરતાં, સંપૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ થયા પછીજ આ માર્ગ બતલાવેલો હોવાથી તે માર્ગ સંપૂર્ણ છે; કોઇ પણ જાતના દુષણ વિનાનો છે; અનુભવસિદ્ધ છે; અને ત્રિકાળ અબાધિત પરમ સત્ય છે.

દ્વિવિધ ધર્મ

બધા ધર્મોની જેમ આત્માને શક્તિ અનુસાર આત્મહિતની સાધનામાં મદદગાર થાય, અને તે દિશાએ પ્રત્યેક આત્મા યથાશક્તિ પ્રગતિ સાધી શકે તે માટે બે પ્રકારનો ધર્મ પ્રભુએ પ્રવર્તાવ્યો. (૧) સાધુ ધર્મ (૨) શ્રાવક ધર્મ. (૧) "પ્રભુ મહાવીરની આજ્ઞા એજ ધર્મ છે, તેમની આજ્ઞાનું અક્ષરશઃ પાલન એ એકજ જીવન મુક્તિનો પરમ ઉપાય છે, અને એ માર્ગે પ્રયાણ કરીને અમારા જીવનની સર્વ શક્તિઓ અમારા આત્માના કલ્યાણને માટે ખર્ચવાનો અમારો નિશ્ચય છે, એમ કહેનારા અને તદનુસાર વર્તનારાઓનો જે ધર્મ તે **સાધુ ધર્મ.**" (૨) "પ્રભુ મહાવીરની આજ્ઞા એજ ધર્મ છે, તેમની આજ્ઞાનું અક્ષરશઃ પાલન એ એકજ જીવનમુક્તિનો પરમ ઉપાય છે, એમ સ્વીકારવા છતાં, પોતાના મોહ વિગેરેના બંધનને અંગે તે માર્ગે યથાશક્તિ પ્રગતિ કરનાર આત્માઓને તે આદર્શની પ્રાપ્તિમાં આગળ વધારવા માટેનો જે ધર્મ–તેજ **શ્રાવક ધર્મ**". પ્રત્યેક શ્રાવકનો જીવનાદર્શ **સાધુ ધર્મ** છે.

**સાધુ ધર્મ.**

ત્યાગીએ.નું સ્થાન સર્વશ્રેષ્ઠછે.

જૈન ધર્મ ત્યાગ ધર્મ હોવાથી, તેની દરેક બાબતમાં ત્યાગીઓને સર્વોત્તમ સ્થાન આપવામાં આવેલું છે, અને તે **સંસ્થાના આચાર વિચાર વિગેરે માટેના ઘણાજ સ્પષ્ટ અને**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખારિક નિયમો, જૈન શાસ્ત્રોમાં આલેખાયેલાં છે. જૈન શાસ્ત્રો અનુસાર આ ત્યાગી સંસ્થામાં જે દાખલ થાય છે.

ત્યાગીનાં વ્રતો અને તેનું પાલન.

તેઓ મન, વચન, અને કાયાથી, જાણુતાં અગર અજાણુતાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય લગીના કોઇપણ જીવની હિંસા કરવી નહિ, કરાવવી નહિ, અગર કરતાને ભલો કહેવો નહિ, તેમજ જુઠું બોલવું નહિ–બોલાવવું નહિ, બોલનારને ઉત્તેજન આપવું નહિ, તથા ચોરી કરવી નહિ, કરાવવી નહિ, કરતાને અનુમોદન આપવું નહિ, મૈથુન સેવવું નહિ, સેવાવવું નહિ, સેવતાને ભલો કહેવો નહિ અને પરિગ્રહ રાખવો નહિ, રખાવવો નહિ, રાખનારને અનુમોદન ન આપવું. આ પંચમહાવ્રત ધારણ કરે છે અને તદનુસાર જીવનભર તે વર્તે છે. જીવનના દરેક પ્રસંગે આ પાંચે મહાવ્રતનું અક્ષરશઃ પાલન કરવામાં તેમની બધી શક્તિઓ ખર્ચે છે. અને શરિર પાસેથી ફક્ત એક નોકર તરીકે કામ લે છે. જેમકે અહિંસાવ્રતના પાલનને અર્થે વરસતા વરસાદમાં, પાણીવાળી જગ્યામાં પૃથ્વી અને પાણીના જીવોની હિંસા થતી અટકાવવા માટે તેઓ ચાલતા નથી. ગમે તેવા સંજોગોમાં કાચું પાણી વાપરતા નથી. ઉન્હાળામાં પવનના જીવોની હિંસા ન થાય. એટલા માટે ગમે તેવો તાપ હોય છતાં પણ કોઇ દિવસ તેઓ પંખો વાપરતા નથી. શિયાળામાં ગમે તેટલી ઠંડી પડતી હોય છતાં, તેનાથી શરીરનું રક્ષણ કરવા માટે તેઓ કોઇ દિવસ તાપે તાપતા નથી; મળમુત્ર વિગેરે કાઢવામાં અને આહાર લેવામાં પણ તેઓ હિંસા થતી અટકાવવા માટે સ્થાનના નિર્જીવપણા બાબતમાં ઘણીજ કાળજી રાખે છે. કોઇપણ જાતનાં અનાજ જેમાં–ઉગવાની શકિત છે, તેવા કાચા અનાજનો ઉપયોગ તેઓ કોઇ દિવસ કરતા નથી. તેઓ ફક્ત એવાજ અનાજનો ઉપયોગ કરે છે જે પુરેપુરૂં પકાવેલું હોય છે. અને જે ઉગવા લાયક હોતું નથી. શિયાળાની ઠંડી, ઉન્હાળાની ગરમી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અગર ચોમાસાની શરદીમાં તેઓ હંમેશાં ખુલ્લા પગે અને ઉઘાડા માથે ફરે છે. ગમે તેટલી ભુખ અગર તૃષા લાગી હોય છતાં રાંધીને ખાતા નથી. અગર ગૃહસ્થો પોતાને માટે ઉકાળેલું પાણી આપે તે સીવાય બીજું પાણી વાપરતા નથી. કંચન અને કામિનીના સંપૂર્ણ ત્યાગી હોય છે. તેના સ્પર્શને પણ સંપૂર્ણ પાપરૂપ ગણુતા હોવાથી, કદાચ અજાણુતાં સ્પર્શ થઇ જાય, તો તે માટે પણ પ્રાયશ્ચિત કરે છે. તેઓ પોતાના જીવનનો બધો સમય વાંચન, મનન, પઠનપાઠન, તપ અને ધ્યાનમાં વ્યતિત કરે છે. પોતાના જીવન અને ઉપદેશદ્વારા સંસારીઓને ધર્મ માર્ગે વાળે છે. અને આત્મોન્નતિનો માર્ગ બતાવે છે. આ સાધુઓ સંસારીઓને વૃત, તપ અને ધર્મધ્યાન કરવા માટે હંમેશાં જાગૃત રાખે છે. સકળ વિશ્વના જીવોને ખરી શાંતિ કયી રીતે અપાવી શકાય–તેના ઉપાયો ચિંતવે છે. તમામ પ્રકારની હિંસાનો ત્યાગ કરવાનો ઉપદેશ હંમેશાં આપે છે. લુલાં, પાંગળાં, ઘરડાં, અને અશક્ત ઢોરો દુઃખી ન થાય તે માટે પ્રબંધ કરવાનું તેમના અનુયાયીઓને સમજાવે છે, અને તે રીતે પાંજરાપોળો સ્થપાય છે, જ્યાં જ્યાં તેમનાથી બની શકે ત્યાં ત્યાં કસાઇખાને જતાં, રીબાતાં, પીડાતાં, વિગેરે જીવોને બચાવી લેવાનો ઉપદેશ આપી, અહિંસા ધર્મનું પાલન કરે છે.

હજારો વર્ષથી ચાલુ રહેલાં અહિંસાના આ ઉપદેશે જૈન પ્રજામાં પણ અહિંસાના ઉંડા સંસ્કારો નાખ્યા છે, અને આજે જગતની બીજી કોઇપણ પ્રજા કરતાં અહિંસા ધર્મના પાલનમાં જૈન પ્રજા વધારે આગળ વધેલી છે.

**જૈનોની ત્યાગીઓ પ્રત્યે પૂજ્યબુદ્ધિ**

અહિંસા વ્રતની જેમ બીજા ચાર વ્રતો એટલીજ ઉગ્રતાથી તેઓ પાળે છે, અને તેથીજ જૈન સમાજમાં તેઓનું સ્થાન ઘણું ઉંચું છે જૈન પ્રજાને આ ધર્મગુરુઓ પ્રત્યે અચળ ભક્તિ અને ઉંડી શ્રદ્ધા હોય છે. તેઓ તેમને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નમે છે. પુજ્ય ગણે છે, અને જ્યાં જ્યાં બની શકે ત્યાં ત્યાં તેમની ભક્તિ કરવા તૈયાર રહે છે. કોઇપણ કુળમાં જન્મેલો જે મનુષ્ય, સંસાર છોડી દઈ સાધુ બને છે, તેને જૈનો ભાગ્યશાળી ગણે છે, અને તેના કુટુંબ પ્રત્યે પણ માનની દૃષ્ટીથી જુએ છે. ત્યાગમાર્ગ એ પ્રધાન ધર્મ હોવાથી સંસારીઓ ત્યાગી કયારે અને કયા સંજોગોમાં કેવી રીતે થઈ શકે; તેમજ ત્યાગી થયા પછી તેમણે શું શું કરવું પડે, તે માટે ઘણા સ્પષ્ટ વિધાનો જૈન શાસ્ત્રોમાં છે. ( જુઓ પરિશિષ્ટ अ )

સાધુ સંસ્થાના ઉપકારો.

આ રીતે દિક્ષિત થઇને પંચમહાવૃત જેને ધારણ કર્યા છે, તેવી સાધુ સંસ્થાએ તેના આખાએ અસ્તિત્વ દરમિયાન માનવ જાતિ ઉપર જે ઉપકારો કયા છે, તે કદિ ભૂલી શકાય તેમ નથી. અંતીમ તીર્થંકર પ્રભુ મહાવીર દેવ પછીના છેલ્લાં ૨૫૦૦) વર્ષનો ઇતિહાસ આ બાબતનો પ્રત્યક્ષ પુરાવો છે. પ્રભુ મહાવીરના નિર્વાણ પછી, આજ લગીના બધાએ કાળના બૌદ્ધ, જૈન, હિંદુ, મુસલમાન, મરાઠા, અને અંગ્રેજ વિગેરે બધાએ અમલો દરમિયાન આ સંસ્થા અવિચ્છિન્નપણે ચાલુ રહી છે. અને રાજ્યબદલો અગર તેવાજ બીજા કારણોની અને કાળની ઓછામાં ઓછી અસર જો કોઇપણ સંસ્થા ઉપર થઈ હોય, તો તે આ જૈનોની સાધુ સંસ્થા છે. કેટલાક સુધારકો કહે છે કે જૈન સાધુઓ જમાનાને ઓળખતા નથી, તેઓ હજી ચૌદમાથી સોળમા સત્તરમા સૈકાનું જીવન જીવે છે. તેમને અમારો જવાબ છે કે જૈન સાધુઓની ત્યાગ ભાવના અને સમાજથી અળગા રહેવાનો આ સારામાં સારો પુરાવો છે. સાડી ચોવીસો વર્ષ જેટલાં લાંબા કાળ પછી તે પરમ તારકના યુગને યાદ કરાવે તેવું સાદુ, સંયમી, અને શાંત સાધુ સંસ્થાનું જીવન એમ પુરવાર કરી આપે છે, કે જગતની ચઢતી, પડતીના, તડકા અને છાંયા એમણે સમદૃષ્ટીથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નિહાળ્યા અને અનુભવ્યાં છે. સંસારીને મન કડવા, મીઠા લાગતા સુખદુઃખના ઘુંટડા, શુભાશુભ કર્મનો ઉદય માનીને સમદ્દષ્ટીથી ગળે ઉતાર્યા છે. ધર્મ ઉપર આપત્તિના કાળમાં અગર સુવર્ણયુગમાં તેઓ એકજ પ્રકારનું જીવન જીવ્યા છે અને જીવે છે.

અનાદિકાળથી ભવભ્રમણ કરતાં પાપોદયને અંગે નર્ક જાતિના જેવાં દુઃખો, અને પુણ્યોદયને અંગે સ્વર્ગના સુખો કર્મને વશ બની, નાટકના પાત્રની જેમ કંઇપણ સત્તા વિના, ભવભ્રમણનો પાઠ ભજવતા આત્માને તેમાંથી દરેક ભોગે મુક્તિ અપાવવાનો નિશ્ચય કરી ચુકેલા અને તે માટે અહોનિશ પરિશ્રમ કરતા એ આત્મહિત સાધકો છે. કર્મબંધનમાંથી મુક્તિ મેળવવા માટે અઢારે દુષણોનો જય કરી, સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરી જેઓ મોક્ષે ગયેલા છે, તે અરિહંત દેવ જેવા શુદ્ધ દેવને દેવ તરીકે, કંચન કામિનીના ત્યાગી, પંચમહાવ્રતધારી, શુદ્ધ ગુરુને ગુરુ તરીકે અને પાપનો ત્યાગ કરવા વડે એ શુદ્ધ દેવ, અને શુદ્ધ ગુરુની સેવા કરવાની પ્રેરણા કરનાર, શુદ્ધ ધર્મને તેઓ ધર્મરૂપે માને છે. અને મોક્ષમાર્ગની ચાવીરૂપ સમ્યક્દર્શનાદિકની વૃદ્ધિ માટે તેઓ મન, વચન, અને કાયા ઉપર આત્માની સર્વોપરી સત્તા જમાવવા, અને તે બધી શક્તિઓને આત્મ હિતના માર્ગે વાળવા પ્રયત્ન કરે છે. આ ભવમાં પ્રાપ્ત થયેલું સારૂં શરીર, જૈન ધર્મ, પંચમહાવ્રતધારી ગુરુ, અને મતિ તથા શ્રુત જ્ઞાનની સાર્થકતા તે બધાનો ઉપયોગ કર્મના બંધ છેદીને આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવું એવો તેમનો નિશ્ચય હોય છે. અને તે નિશ્ચય પાર પાડવામાંજ આ મનુષ્ય જન્મની સાર્થકતા તેઓ સમજે છે. તેઓ એમ માને છે કે આ સંસારમાં શુભાશુભ કર્મ અનુસાર આપણને પ્રાપ્ત થયેલું આ શરિર, ઇંદ્રીયો, ધન, વૈભવ, અને બીજુ સર્વ કાંઇ નાશવંત છે; અને આપણે તેનો ફરજીયાત ત્યાગ ક્યારે

ત્યાગીઓની જીવન પ્રતિજ્ઞા અને તેનું પાલન.

કરવો પડશે તે અનિશ્ચિત છે, એટલે તેનો ઉપભોગ કરતાં જતાં, તેના માલીક બનવાને બદલે એક ગુલામ તરીકે આપણે કામ કરીએ છીએ; અને જે પુણ્યપ્રકૃતિને અંગે તે આપણુને પ્રાપ્ત થયાં છે, તે પુણ્યપ્રકૃતિ ગુમાવી બેઠીએ છીએ, માટે મહાપ્રયત્ને મેળવેલી પુણ્ય પ્રકૃતિ, આમ નિરર્થક રીતે ગુમાવી દેવા કરતાં તેનો આત્મવિકાસના માર્ગે ઉપયોગ કરવો એ વધારે ઇચ્છવા યોગ્ય છે. તેથી જે માર્ગે આત્માની મુક્તિ તેમને દેખાય છે તે માર્ગે તેઓ તેમની શક્તિઓ ખર્ચે છે. રણે ચઢેલા શુરા યોદ્ધાની નેમ જેવી રીતે માત્ર વિજય તરફ હોય છે, અને તે માટે પોતાની સર્વ શક્તિઓ તે જેમ ખરચે છે અગર મરણને પણ સહર્ષ ભેટે છે તેમ મુક્તિની પ્રાપ્તિ માટે કર્મની નિર્જરા કરવામાં પ્રવૃત થયેલા આ ત્યાગીઓ પોતાની સર્વ શક્તિઓ મુક્તિના દ્વાર ખખડાવવાનું બળ પ્રાપ્ત કરવામાં ખર્ચે છે. आत्मार्थे सकलं त्यजेत् । આત્માના ગુણોને બચાવવા અને ખીલવવા માટે સર્વસ્વનો ત્યાગ કરવાનો એટલે આત્મહિતની ખાતર સર્વ કાંઈનો ભોગ આપવાનો તેમનો જીવનનિશ્ચય છે. અને આ સંસ્થાનો ઈતિહાસ આ તમામ માટેનો તાદૃશ પુરાવો છે.

ત્યાગી સંસ્થા જનતા ઉપર ઉપકાર૦ કરે છે.

વર્તમાન જૈન સાધુ સંસ્થા પ્રભુ મહાવીરે આજથી સાડી ચોવીસો વર્ષ પહેલાં સ્થાપી, ત્યાર પછીનો આ સંસ્થાનો આખો ઇતિહાસ ત્યાગ, તપ, સંયમ, સંતોષ, સમદૃષ્ટિ અને સમર્પણોના આત્મહિતકારી દૃષ્ટાંતોથી ભરપુર છે. પોતાની આખીએ કારકીર્દી દરમ્યાન કોઇ પણ જાતનું નુકસાન કર્યા સિવાય કેવળ જનતા ઉપર ઉપકારજ કરનારી અદ્વિતીય સંસ્થા છે. તેથીજ એ સંસ્થા જગતપૂજ્ય બની છે. એના ઇતિહાસનું એકેએક પાનું એમ કહી રહ્યું છે કે સમાજની વ્યવસ્થા જાળવવામાં, અને સમાજે પોતાની પ્રત્યેક વ્યક્તિની સલામતીની ખાતર, અને પરસ્પર થતી અથડામણ અટકાવવા ખાતર જે કોઇ સંસ્થાઓ સ્થાપી છે, તે સર્વ સંસ્થાઓ આ જગત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપર ત્યાગી સંસ્થાઓના આશ્રયથીજ ટકી શકી છે અને પોતાનો વિકાસ સાધી શકી છે. સામાન્ય દૃષ્ટાંત તરીકે ચોર, લુંટારા અને ખુનીયોના ત્રાસથી, પોતાના હથીયારના જોર ઉપર નભતી, રાજ્યસત્તાઓ જેટલો આશ્રય જનતાને નથી આપી શકી તેનાથી કેટલાએ ગણો વધારે આશ્રય સદાચાર, અને નીતિના બોધપાઠો, આ સંસ્થાએ પ્રજાજીવનનાં ઉતારીને આપ્યો છે આ સંસ્થાએ પોતાના શાંત જીવન દ્વારા મેળવેલી આત્મશક્તિઓ, અને આત્મવિકાસદ્વારા પ્રાપ્ત થયેલા જ્ઞાન વડે જગતમાં સર્વશ્રેષ્ઠ સાહિત્ય સર્જીને જે ઉપકાર માનવ જાતિ ઉપર કર્યો છે, તે કદીએ ભૂલી શકાય તેમ નથી.

ત્યાગીઓએ સર્જેલું સાહિત્ય.

જ્ઞાનદૃષ્ટિથી દુનીયાના એકેએક વિષયમાં ઉંડા ઉતરવાની અને તેને પુરેપુરો છણવાની જે શક્તિ, એ ત્યાગીઓ ત્યાગી અવસ્થામાં પ્રાપ્ત કરી શકયા હતા, તેનાં સ્વપ્નાં સેવવાં તે પણ આજે મુશ્કેલ થઇ પડયું છે. ત્યાગીઓના એ સાહિત્યેજ આજે પશ્ચિમની દુનીયામાં એ ત્યાગી સંસ્થા પ્રત્યે માન અને પૂજ્ય બુદ્ધિ જાગૃત કરી છે, અને સાહિત્ય ક્ષેત્રમાં વિચરતા પશ્ચિમનાં સંખ્યાબંધ પંખીડાં એ પરમ ત્યાગીના વારસોને ચરણે બેસી જ્ઞાનામૃતનું આસ્વાદન કરવા માટે પ્રતિવર્ષે ભારતવર્ષમાં આવતા આપણે જોઇએ છીએ. અને અત્યંત પૂજ્ય બુદ્ધિથી એ ત્યાગીઓના મુક્ત કંઠે વખાણ કરતા સાંભળીયે છીએ. વર્તમાનમાં પણ જૈન સાહિત્યના વિકાસમાં અને પ્રાચીન જૈન સાહિત્યના સંરક્ષણમાં જે ફાળો આ જગતને એ સંસ્થા આપી રહી છે તે આપણે બધાએ ગત જૈન સાહિત્ય પ્રદર્શનમાં નજરે નિહાળ્યો છે. આ ઉપરાંત રાષ્ટ્રની શાંતિ જાળવવામાં લોકોને ધર્મ અને નીતિના માર્ગે વાળી સમાજને નિર્ભય બનાવવામાં, રાજ્ય સત્તાઓની મશ્કરી કરી બેમર્યાદ રીતે પોતાનો ધંધો ચલાવતા લુંટારા, ચોર અને અને ખુનીઓને ધર્મ માર્ગે વાળી પ્રજાના સાચા સેવકો બનાવી પ્રજાને નિર્ભય કરવામાં અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બીજા સંખ્યાબંધ પ્રસંગોમાં જનસમૂહ ઉપર આ સંસ્થાએ કરેલા ઉપકારોના હજારો દૃષ્ટાંતો ટાંકી શકાય તેમ છે.

સામાજીક-ક્ષેત્રનો વિચાર કરીએ તો તે ક્ષેત્રમાં પણ, આ પરમ ઉપકારી સંસ્થાનો સમાજ જીવન ઉપર, તેમણે કરેલા અને કરાતા ઉપકારો વડે મેળવેલો કાબુ અસાધારણ છે. તેમના એકેએક શબ્દને પ્રજા પોતાના હિતની ખાતર આપેલા અનુભવસિદ્ધ અમૃતરસ સમાન માની લે છે, અને તેનું યથાશક્તિ પાલન કરવા પ્રવૃત થાય છે. ભુતકાળ અને વર્તમાનની કોઈપણ સંસ્થા કરતાં આ સંસ્થામાં પ્રજાને વધારે વિશ્વાસ હતો; અને છે. આ બનવાનું કારણ તેમની નિઃસ્વાર્થ વૃત્તિ છે. આવી મહાન સંસ્થા જેના મહાન ઉપકાર માટે સકલ વિશ્વ અત્યંત ઋણી છે, તેમાં પ્રવેશ કરવો, અગર દીક્ષા લેવી તેમાં વડોદરા સરકાર સાંસારીક અડચણોને અનર્થો જણાવવા તૈયાર થઈ છે. અમે કહીએ છીએ કે આ અનર્થો નથી પણ અનર્થોની ભ્રમણા છે; અને આવી ભ્રમણા થવાનું કારણ જડવાદ યા વિજ્ઞાનવાદનો ચેપ છે. આ ભ્રમણાને અમલમાં મુકતા પહેલાં, વડોદરા સરકારને થંભીજવા, અને શાંત ચિત્તે વિચાર કરવા, અમો વિનંતિ કરીએ છીએ અને તેમણે પ્રસિદ્ધ કરેલો 'સંન્યાસ દિક્ષા પ્રતિબંધક નિબંધ' કેટલો નિરર્થક છે, તે બતાવીએ છીએ.

સમાજ ઉપર પૂ. ત્યાગીઓના ઉપકાર.

---

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૫.

# વડોદરા રાજ્યનો સંન્યાસ દીક્ષા પ્રતિબંધ નિબંધ.

નિબંધ ન્યાય વિરૂદ્ધ છે.

(૧) આ નિબંધ નીરર્થક અને નિરૂપયોગી છે એટલુંજ નહિ, પણ ન્યાય વિરૂદ્ધ છે. રાજસત્તાની મર્યાદા જ્યાં જ્યાં પૌદગલીક વસ્તુઓનું અસ્તિત્વ છે, અને જ્યાં અને જ્યાં તે માટેની અથડામણો છે, ત્યાં લગીજ હોઈ શકે. પૌદગલીક વસ્તુઓ અને સંસારના સર્વ બંધારણોનો ત્યાગ કરનાર મનુષ્ય એ ત્યાગની પ્રતિજ્ઞા કરતી વખતેજ, રાજ્ય સંસ્થાનો ત્યાગ કરી દે છે, અને રાજસત્તા પાસેથી રક્ષણ વિગેરે કોઈ પણ જાતની આશા રાખતો નથી. રાજ્યના એક પણ કાયદાનો લાભ તેને જોઇતો નથી. અને કોઈ પણ પ્રકારનો લાભ રાજસત્તા તેને આપી પણ શકતી નથી. ત્યાગીઓ તો પોતાના પ્રયત્ન વડે પોતાનું ઈષ્ટ સાધી લેવા હામ ભીડે છે; અને તે રીતે ઈષ્ટની સાધના કરે છે. છતાં એ રાજ્યોને તેમાં ડખલ કરવાના કોડ કેમ ઉત્પન્ન થતા હશે !

બહારથી મામુલી, અને સમાજના હિતને સાધક ગણાયેલ આ **નિબંધ** સર્વથા અવ્યહવારૂ છે. કારણ કે આ કાયદાથી '**ત્યાગ**' શિક્ષાને પાત્ર થાય છે. અમે કહીએ છીએ કે, કોઈની દિક્ષા રોકાય અને જે નુકસાન થાય તેના કરતાં કેટલાએ ગણું વધારે નુકસાન આ કાયદો કરે છે. કારણ કે દિક્ષાના રોકાણથી વ્યક્તિગત આત્મવિકાસને નુકસાન પહોંચે છે. જ્યારે આ કાયદાથી પરમ આવશ્યક, પરમ ઉપકારી, સર્વ હિતકારી, પરમપૂજ્ય ત્યાગમાર્ગ શિક્ષાને પાત્ર ઠરે છે. એટલે જે ત્યાગમાર્ગ હજારો વર્ષથી પૂજ્ય અને પવિત્ર ગણાયો છે, અને આજે પણ ગણાય છે તે ત્યાગ–માર્ગ વડોદરા સરકારને મન શિક્ષાને પાત્ર સિદ્ધ થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એમ દલિલ કરવામાં આવે છે કે. દીક્ષા એ એક કરાર છે; અને જન્મની સાથે પ્રાપ્ત થતા સઘળા હકો બાળક સજ્ઞાન થયા સિવાય છોડી દેવાનો કરાર કરે એટલે સંસાર ત્યાગ કરી દીક્ષીત બને, એ ગેરકાયદેસર છે. કારણ કે સગીરને સજ્ઞાન અવસ્થા પ્રાપ્ત થયાં પહેલાં કોઈ પણ જાતનો કરાર કરવાનો અધિકાર નથી. વારસા વિગેરેના જે હક સંબંધે આ દલિલ કરવામાં આવે છે, તે હક પુરતી આ દલીલને કદાચ સ્વીકારી લઇએ તો પણ આપણે સર્વે સમજી શકીએ છીએ કે, આ દલીલથી સગીર દીક્ષાને કાંઈ પણ બાધ આવતો નથી, બલ્કે કાંઇક વેગ મળે છે; કારણ કે વારસા વીગેરેના સઘળા હકોનો સગીરે કરેલો ત્યાગ ગેરકાયદેસર ગણી સરકાર તેના તે હકો, તે ઉમર લાયક થાય ત્યાં સુધી જાળવી રાખે તો, દીક્ષિત થનારને બેવડો લાભ મળે છે. બાલ્ય અવસ્થામાં દીક્ષિત થયા પછી સજ્ઞાન અવસ્થા પ્રાપ્ત થવા સુધીમાં બાળક પોતાનુ જ્ઞાન વધારી શકે છે, અને ચારિત્રનો વિકાસ કરી શકે છે. તપ, સંયમ અને સાધુના આચાર વિચારથી પણ તે પુરેપુરો વાકેફ થઇ જાય છે તેથી સજ્ઞાન અવસ્થા પ્રાપ્ત થતાંજ તના માટે ભાવિ જીવનની પસંદગીના બન્ને રસ્તા ખુલ્લા રહે છે. જો સંસાર અવસ્થામાં પાછું આવવું હોય તો, એના માટે સર્વ પ્રકારનાં સાધનો, અને તે અવસ્થામાં સ્થિર થવા માટેનું સ્થાન જળવાઇ રહેલું હોય છે, અને ત્યાગમાર્ગે જીવન વ્યતીત કરવાની મહેચ્છા હોય તો તે માટેનો રસ્તો ખુલ્લોજ હોય છે. એટલે વારસા વિગેરેના હક્કોને ત્યાગ કરવાના કરારને વડોદરા સરકાર કાયદો માની લે તે સામે અમારો કોઇ પણ જાતનો વિરોધ નથી. અજ્ઞાનપણા સંબંધે એમ દલીલ કરવામાં આવે છે, કે બાળક બાલ્ય વયમાં સજ્ઞાનપણું પામેલું હોતું નથી. તે વખતે તેનામાં ત્યાગના સંસ્કારો રેડવા અને તે નિમિત્તે તેનું જીવન નિરસ બનાવી દેવું એ અનર્થ છે. સાથે સાથે સરકાર અઢાર વર્ષની ઉંમર પછી, પ્રત્યેક મનુષ્યને સજ્ઞાન-

પણું પ્રાપ્ત થયાનું સ્વીકારી લે છે અને તેમાં વચ્ચે હાથ નાખવા ઇચ્છતી નથી. આંહી એક વસ્તુ સિદ્ધ થાય છે, કે સરકારના દૃષ્ટિબિંદુએ સજ્ઞાનપણાનું માપ ઉમર ઉપરથી કાઢવામાં આવે છે; અને સરકારના દૃષ્ટિબિંદુ પુરતું તે માપ વ્યાજબી પણ છે. કારણ કે સરકારનો સંબંધ આ શરીર સાથે છે, અને અઢાર વર્ષે આ શરીર અને તેના પ્રત્યેક અંગનો સંપૂર્ણ વિકાસ પુરોથાય છે. એટલે તે ઉંમરને સરકાર, સજ્ઞાનપણું પ્રાપ્ત થયાની ઉંમર ગણી શકે. પણ આધ્યાત્મિક દૃષ્ટીથી જોનારને મન, ઉંમરની કાંઇજ કીંમત નથી. એ સર્વાનુમતે કબુલ કરાએલી વાત છે કે ' આત્મા અમર છે; અનાદિ કાળથી અનંતાભવ ભ્રમણ કરી રહ્યો છે, અને પુન્ય અગર પાપના સંસ્કારો દરેક ભવમાં તે પોતાની સાથે લઇ જાય છે. અને સારા અગર નરસા કર્મના ઉદય મુજબ તે સુખદુઃખ ભોગવે છે, આપણે પણ નજરે નીહાળીએ છીએ કે કેટલાક પુણ્યશાળી બાળકોમાં જે બુદ્ધિ અને ગાંભિર્ય આપણે અનુભવીએ છીએ, તે યુવાનોમાં પણ નથી જણાતું તેથી શાસ્ત્રકારોએ સજ્ઞાનપણું એટલે મનુષ્ય ભવ પ્રાપ્ત થયા પછી આત્મહિત સાધવા માટેની યોગ્ય ઉંમર આઠ વર્ષની નક્કી કરેલી છે, અહિંઆં આપણે ભુલવું ન જોઇએ કે આ ઉંમર આધ્યાત્મિક માર્ગની યોગ્યતાની દૃષ્ટીએ નક્કી થયેલી છે. અને તે રીતે નક્કી કરવામાં ઘણીજ દીર્ઘદૃષ્ટી વપરાએલી છે. બાળકના જન્મથી આઠ વર્ષ લગીમાં એનું શરીર નિયમીત અને મગજ ગ્રહણ કરી શકે તેટલું વિકસીત થઇ જાય છે; અને સામાન્યતઃ પાંચ વર્ષથી અને છેવટે આઠ વર્ષથી તો બાળક ભાવી જીવનની તૈયારીઓ શરૂ કરે છે. વડોદરા સરકારે આ વસ્તુ સ્વીકારેલી છે, અને તેથીજ ભાવિ પ્રજાને સંસ્કારી બનાવવા માટે ફરજીયાત કેળવણી આપવાનો કાયદો છે. શ્રીમંત સરકારના ધ્યાન ઉપર અમો લાવવા માગીએ છીએ કે, ભાવિ પ્રજામાંથી જેમણે ગ્રહસ્થાશ્રમી થવું છે, તેઓ માટે તો આ કાયદો અત્યંત આવશ્યક અને

આધ્યાત્મિક દૃષ્ટિથી જોનારને ઉપરની કાંઈજ કિંમત નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગૃહસ્થાશ્રમીઆદર્શ વાળાનેમાટે ફરજીયાત કેળવણીનો કાયદો તો ત્યાગધર્મના આદર્શ વાળાને અટકાયત કેમ ?

આવકારદાયક છે. પણ જેને સર્વસ્વનો ત્યાગ કરવો છે તેને માટે શું ? આપ પણ સ્વીકારો છો કે કેળવણી માટેનો કાળ આઠથી અઢાર વર્ષનો છે. આ કાળ દરમીયાન જે વિષયોનું જેટલું જ્ઞાન, બાળક પ્રાપ્ત કરી શકે છે, તેટલા પુરતો તે વિષયમાં, તેના ભાવિ જીવનમાં તે ઝળકે છે. તો ગ્રહસ્થાશ્રમી માટે તે આશ્રમમાં પ્રવેશ કરવાની લાયકાત પ્રાપ્ત કરવા માટેના રાજ્ય તરફથી દરેક પ્રજાજનને સંપૂર્ણ સાધનોની પ્રાપ્તિ, અને તે માટે ફરજીયાત કાયદો. જ્યારે ત્યાગીઓ માટે એ પૂર્વ તૈયારીની અવસ્થામાં કાંઇ પણ કરવા માટે સખત દંડ અને શિક્ષા કરવાનું કાંઇ કારણ? શ્રીમંત સરકાર ઉંડો વિચાર કરતાં જોઇ શકશે, અને કબુલશે કે ફરજીયાત કેળવણીનો કાયદો અને આ સગીર દીક્ષા માટેનો પ્રતિબંધક કાયદો એ બન્ને પરસ્પર વિરોધી કાયદા છે. એક બાળકને પૂર્વ અવસ્થાના કાળમાં જે જીવનથી તદ્દન અળગો રાખવામાં આવે તેજ જીવનમાં પૂર્ણ અવસ્થાએ પહોંચ્યા પછી પ્રવેશ કરનાર શું કરી શકે તે સ્હેજે સમજાય તેવું છે. ગ્રહસ્થ બનવા માટે વર્ષોની પૂર્વ તૈયારીઓ માટેનાં સાધનો અને તે સાધનોનો ફરજીયાત ઉપયોગ કરવાનો કાયદો કરવાની આવશ્યકતા જે સરકારને સમજાઇ છે; અને અમલમાં મૂકી છે; તેજ સરકાર જ્યાં માત્ર જ્ઞાનજ આપવામાં આવતું નથી પણ સાથેજ ચારિત્રના વિકાસ તરફ પૂરતું ધ્યાન આપવામાં આવે છે અને તે ચારિત્ર વિકાસને જ્ઞાનના સાધન વડે સ્થિર કરવામાં આવે છે તે ત્યાગ માર્ગનો કટ્ટો વિરોધ કરે, તેમાં ત્યાગ માર્ગની ભયંકર બદનક્ષી અમોને જણાય છે. અને એ પરમ પવિત્ર ત્યાગ માર્ગ માટે રાજ્યના ચોર ડાકુઓ કરતાં પણ વધારે જુલ્મી કાયદો કરવા માટેનાં કારણો અમે જાણવા ઇંતેજાર છીએ.

(૫) પ્રત્યેક સરકારના ન્યાયમંદિરમાં સાચું બોલવાની ફરજીયાત પ્રતિજ્ઞા લેવા માટેનો કાનુન હોય છે અને ન્યાયમૂર્તિ રૂબરૂ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાંઈ પણ નિવેદન કરતાં પહેલાં પ્રત્યેક શખ્સને સાચું બોલવાની પ્રતિજ્ઞા ફરજીયાત લેવી પડે છે. અને તેવી પ્રતિજ્ઞા લેવાનો ઇન્કાર કરનાર શખ્સને શિક્ષાને પાત્ર ઠરાવી રાજ્ય શિક્ષા કરે છે. માત્ર ન્યાયમાં મદદ કરવાની ખાતર પંચમહાવ્રતો-માંના એકજ વ્રતની જે રાજ્યો ફરજીયાત લેવરાવે છે તેજ રાજ્ય સાચા સુખની શોધ માટે અહિંસા, સત્ય, ચોરી નહિ કરવી. બ્રહ્મચર્ય પાળવું અને પરિગ્રહ રાખવો નહિ, એ પાંચે મહાવૃતોની આ જીવનપર્યંતની મરજીયાત પ્રતિજ્ઞા લેનારાઓને એક ક્ષણભર પણ કેમ રોકી શકે ! બલ્કે તેવા-ઓને પોતાની પ્રતિજ્ઞાઓના પાલનમાં સર્વ પ્રકારની મદદ આપવા હરેક પળે તૈયાર જરૂર રહે.

દીક્ષા માટે બાલ્યવય વધારે અનુકૂળ છે.

(૬) જરા ઉંડો વિચાર કરતા સ્હેજે સમજાય છે કે દીક્ષિત થવા માટે યુવાવસ્થા કરતાં બાલ્યવય વધારે અનુકુળ છે, કારણ કે યુવાવસ્થા એ જવાબદારીઓ અદા કરવા માટેનો કાળ છે. જ્યારે બાલ્યવય ભાવિ જીવનની પૂર્વ તૈયારીઓ માટેનો કાળ છે. યુવાવસ્થા પ્રાપ્ત થતાં સુધીમાં બાળક કોઈક અપવાદો સિવાય, મોટે ભાગે ભાવિ જીવનની પૂર્વ તૈયારીઓ એટલે શિક્ષણ વિગેરે લેતો હોય છે. અને પોતાના માતપિતા, વડિલ અગર પાલક તેનું પોષણ કરે કરે છે. જ્યારે યુવાવસ્થાએ પહોંચેલો યુવક પોતાની સ્ત્રી, સંતાનો અને કુટુંબના ભરણપોષણ માટેની જવાબદારીઓ અદા કરતો હોય છે. આ બધી જવાબદારીઓ છોડીને એક યુવક ત્યાગમાર્ગે વળે તેના કરતાં જેને જવાબદારીઓ નથી સ્વીકારી, અને જેનું જીવનક્ષેત્ર પોતાના વ્યકિતત્વ પુરતુંજ છે, એવો બાળ દિક્ષિત પોતાની જાતને અને સમાજને વધારે લાભ કરતા છે.

(૭) એમ દલીલ કરવામાં આવે છે કે બાળકને ત્યાગી જીવનની સર્વતૈયારીઓ કરાવાય પણ માત્ર દિક્ષાનો સંસ્કાર ન અપાય તો શું ?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ દલિલ–સિદ્ધાંત તરીકે વિચારમાં જ્યાં લગી હોય, ત્યાં લગી કાંઇક ઠીક છે, પણ વ્યવહારમાં ઉતારવી તેટલીજ મુશ્કેલ છે. (૧) એ નિર્વિવાદ છે–કે ત્યાગના સંસ્કારો ખીલવવા માટે ત્યાગીઓનો નિયમિત ચાલુ સહવાસ અને સમાગમ હોવો જોઇએ. આ સમાગમ તે સંસ્થામાં ભળ્યા સિવાય, એટલે દીક્ષાના સંસ્કાર લીધા સિવાય કોઇને પણ મળવો મુશ્કેલ છે. કારણ કે જૈન સાધુઓ એક ગામથી બીજે ગામ વિહાર કરતા હોય અને તેઓ જ્યાં જાય, ત્યાં પોતાની પાસે કાંઈપણ પરિગ્રહ ન રાખવાથી કેવળ ભિક્ષા ઉપર જીવે છે. તેથી તેમની સાથે તેમની માફક ભિક્ષા ઉપર ન જીવતો હોય તેવો માણસ નભી શકતો નથી. અને જૈન સાધુના આચાર મુજબ તેઓની ભિક્ષામાંથી દીક્ષિત થયા સિવાયનાને તેઓ કાંઈપણ આપતા નથી. એટલે તેમનો સમાગમ ચાલુ રાખવો અશક્ય થઈ પડે છે. જૈન શાસ્ત્રો કેવળ ત્યાગમાર્ગના પોષક હોવાથી, ત્યાગની ઉત્તરોત્તર ભુમિકાના ગ્રંથો વાંચવાની લાયકાતો પ્રાપ્ત કરવા અમુક પ્રકારના તપ વિગેરે કરી ત્યાગના સંસ્કારોને જીવનમાં ઉતારવાનાં વિધાનો જૈન શાસ્ત્રકારોએ નક્કી કરેલાં છે, અને તે પ્રકારનાં તપ વિગેરે ન કરી શકતા હોય, તેવાઓને માટે તે શાસ્ત્રો વાંચવાની મનાઈ છે. કારણ કે તે જાણવા માટેની લાયકત પ્રાપ્ત થયા પહેલાં જાણે તો અનર્થ થવા સંભવ રહે છે. તેથી યુવાવસ્થા પ્રાપ્ત થતાં પહેલાં એટલે ભાવિ જીવનની તૈયારીના કાળમાં તમામ જૈન શાસ્ત્રોના અભ્યાસની લાયકાતનું પ્રમાણપત્ર મેળવવા માટે દીક્ષા સંસ્કાર એ પ્રથમ જરૂરી વસ્તુ છે.

પદવી પ્રદાનથી કાંઈક નવું તેજ અને નવી શક્તિ આવ્યાનું સર્વત્ર સ્વીકારાએલું છે, અને તેજ કારણે વિદ્યાપીઠો વીગેરેમાં પદવી પ્રદાન, અગર સંસ્કારો આપવાની ક્રિયા કરવામાં આવે છે ધારાસભાઓમાં અને ઉંચી જવાબદારીભર્યા હોદ્દાઓમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વફાદારીના સોગન લેવાની ક્રિયા—ન્યાયમંદિરોમાં સાચું બોલવાની પ્રતિજ્ઞા કરાવવાની ક્રિયા વિગેરે રાજ્યો તરફથી ફરજીયાત કરાવવામાં આવે છે. સાધુ સંસ્થામાં પણ એજ સ્થિતિ છે. અને તેથીજ પદવી પ્રદાનથી મળતી ચેતનીનો લાભ દીક્ષાભિલાષીને આપવાની ખાતર દીક્ષા પ્રદાનની ક્રિયા કરવામાં આવે છે, અને એ ક્રિયા જેટલી બને તેટલીવહેલી કરી શકાય તેમ વધારે હિતકર છે.

જ્ઞાન સદ્‌વર્તનને લાવે છે અને હોય તેને ટકાવે છે. પણ બદીમાં ફસાયેલાઓને થયેલું જ્ઞાન સદ્‌વર્તનમાં લાવનાર ભાગ્યેજ બને છે કારણ કે જ્ઞાનની સદ્‌માર્ગ તરફની પ્રેરણાના કરતાં બદીનું બળ ઘણાજ દરજ્જે વધારે હોય છે. આત્મા અનેક જન્મોથી બદીઓથી ટેવાયેલો છે અને કેટલાક દાખલાઓમાં તો બદીવાળાને મળેલું જ્ઞાન બદીઓને જુદાજુદા તર્કોથી પોષનાર બને છે. દરેક આર્યને સંસાર કારાગાર વિષય સુખો વિષ સમાન અને મૃત્યુનું અકસ્માત અવામનનું જ્ઞાન હોયજ છે પરંતુ સંસારની બદીથી કોઈકજ ભાગ્યશાળી છૂટી શકે છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે આત્મા બદીમાં ફસાય તે પહેલાંજ સદ્‌વર્તનમાં દાખલ થવું ઉચિત છે કે જેથી પોતાને મળતું શાસ્ત્રીય તત્વજ્ઞાન સદવર્તનને પોષનારૂં અને ટકાવનારૂંજ થાય.

જે સરકાર બાળકને સજ્ઞાન અવસ્થા પ્રાપ્ત થવાનો ઈન્કાર કરે છે, તેજ સરકારનો ફોજદારી કાયદો સાત વર્ષ પછીથી બાળકને સજ્ઞાન બનવાનું સ્વીકારે છે અને તે સજ્ઞાન બન્યાના કારણોની તપાસ કરી તેને સજા પણ કરે છે. અને આવી રીતે બાળકોને ફાંસીની સજા કરવા સુધીના કેસો પણ બનેલા છે.—તો ફોજદારી કાયદાઓ જે રાજ્યે પોતાની અને પ્રજાની સલામતી માટે રચેલા હોય છે, તે કાયદા મુજબ બાળકનું સજ્ઞાનપણામાં થયેલું પાપાચરણ સ્વીકારાય છે, તેજ રાજ્ય સંન્યાસ દીક્ષાથી થતા પાપાચરણ—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નિષેધના કાર્યમાં સજ્ઞાનપણાનો ઈન્કાર કરી રોકાણ કરે યા એને શિક્ષાપાત્ર ઠરાવે તે ન્યાયની દૃષ્ટિએ વ્યાજબી ગણાય નહિ. ૧૪ વર્ષનો એક છોકરો પોતાની મરજીથી તેના માબાપની રજા સિવાય કોઈની જોડે સર્વથા ચાલ્યો જાય તો પણ તેમાં ફોજદારી ગુન્હો (મનુષ્ય હરણ) બનતો નથી તો પછી વાલીની રજાથી અને પોતાની મરજીથી તેજ છોકરો આત્મ કલ્યાણને માટે ત્યાગ અંગીકાર કરે તેમાં ફોજદારી ગુન્હો બને અને તે ત્યાગ દેનાર, અને દેવરાવનારને શિક્ષાપાત્ર ઠરાવવા માટે ફોજદારી કાયદો થાય એ કેટલું ખોટું છે તે શ્રીમંત ગાયકવાડ સરકાર વિચારશે એવી અમો આશા રાખીએ છીએ.

આ બધી દલીલો જાહેર જનતા અને વડોદરા રાજ્ય સમક્ષ મુકી અમો કહીએ છીએ કે ત્યાગ માર્ગ એ પ્રત્યેક મનુષ્યના આદર્શરૂપ, ત્રિકાળ અબાધિત સ્વીકારવા લાયક માર્ગ છે. અને તેના સામે વિરોધ કરવો એ આત્મઘાત કરવા બરાબર છે; અસ્થાને છે, ન્યાય વિરૂદ્ધ છે અને નહિ ઈચ્છવા યોગ્ય છે. વડોદરા રાજ્યનો સંન્યાસ દીક્ષા પ્રતિબંધ એક, ભ્રમણામાંથી ઉત્પન્ન થયેલો–નહિ ઈચ્છવા યોગ્ય આત્મહિતઘાતક નિબંધ છે, માટે તેની અયોગ્યતાનો વિચાર કરી નામદાર ગાયકવાડ સરકાર તે તરતજ રદ્દ કરી વફાદાર શાંત અને ધર્મપ્રેમી કોમના અંતઃકરણને દુભવાતા બચાવશે એવી અમો સંપૂર્ણ આશા સાથે વિરમીએ છીએ.

ૐ

શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બારમી સદીથી

ઓગણીસમી સદી લગીમાં

થયેલા

સગીર દીક્ષિતોની

# નામાવલિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | આચાર્યનું નામ | ગચ્છ | જન્મ સંવત | દીક્ષા સંવત | દીક્ષા લેતી વખતની ઉંમર | આચાર્ય પદ |
|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી હેમચંદ્ર સૂરિ | પૂર્ણતલગચ્છ | ૧૧૪૫ | ૧૧૫૪ | ૯ વર્ષ | ૧૧૬૬ |
| ૨ | શ્રી મહેન્દ્રસિંહ સૂરિ | અંચલગચ્છ | ૧૨૨૮ | ૧૨૩૭ | ૯ વર્ષ | ૧૨૬૩ |
| ૩ | શ્રી જીનપદ્મ સૂરિ | ખરતરગચ્છ | ૧૩૭૨ | ૧૩૭૮ | ૬ વર્ષ | ૧૩૯૦ |
| ૪ | શ્રી મેરૂતુંગ સૂરિ | અંચલગચ્છ | ૧૪૦૩ | ૧૪૧૮ | ૧૫ વર્ષ | ૧૪૨૮ |
| ૫ | શ્રી લક્ષ્મીસાગર સૂરિ | તપગચ્છ | ૧૪૬૪ | ૧૪૭૦ | ૬ વર્ષ | ૧૫૦૮ |
| ૬ | શ્રી સમરચંદ સૂરિ | પાર્શ્વચંદ્ર સૂરિગચ્છ | ૧૫૬૦ | ૧૫૭૫ | ૧૫ વર્ષ | ૧૬૦૪ |
| ૭ | શ્રી હીરવિજય સૂરિ | તપગચ્છ | ૧૫૮૩ | ૧૫૯૬ | ૧૩ વર્ષ | ૧૬૧૦ |
| ૮ | શ્રી જીનચંદ સૂરિ | ,, | ૧૫૯૪ | ૧૬૦૪ | ૮ વર્ષ | ૧૬૧૨ |
| ૯ | શ્રી કલ્યાણસાગર સૂરિ | અંચલગચ્છ | ૧૬૩૩ | ૧૬૪૨ | ૯ વર્ષ | ૧૬૪૯ |
| ૧૦ | શ્રી જીનસાગર સૂરિ | ,, | ૧૬૫૨ | ૧૬૬૧ | ૯ વર્ષ | ૧૬૭૪ |
| ૧૧ | શ્રી જ્ઞાનસાગર ઉર્ફે શ્રી ઉદયસાગર સૂરિ | ખરતરગચ્છ | ૧૭૬૩ | ૧૭૭૭ | ૧૪ વર્ષ | ૧૭૯૭ |
| ૧૨ | શ્રી જીનચંદ્ર સૂરિ | ,, | ૧૭૨૯ | ૧૭૩૮ | ૯ વર્ષ | ૧૭૮૫ |
| ૧૩ | શ્રી જીનવિજય સૂરિ | ,, | ૧૭૪૭ | ૧૭૫૩ | ૬ વર્ષ | ૧૭૮૫ |
| ૧૪ | શ્રી જીનમુક્ત | ,, | ૧૮૦૩ | ૧૮૧૫ | ૧૨ વર્ષ | — |
| ૧૫ | શ્રી જીનઉદય સૂરિ | ,, | ૧૮૩૨ | ૧૮૪૩ | ૧૧ વર્ષ | ૧૮૭૫ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | આચાર્યનું નામ | ગચ્છ | જન્મ સંવત | દીક્ષા સંવત | દીક્ષા લેતી વખતની ઉંમર | આચાર્ય પદ |
|---|---|---|---|---|---|---|
| ૧૬ | શ્રી દેવસૂરિ | તપગચ્છ | ૧૧૪૩ | ૧૧૫૨ | ૯ વર્ષ | ૧૧૭૪ |
| ૧૭ | શ્રી સોમપ્રભસૂરિ | ,, | ૧૩૧૦ | ૧૩૨૧ | ૧૧ વર્ષ | ૧૩૩૨ |
| ૧૮ | શ્રી જયાનંદસૂરિ | ,, | ૧૩૮૦ | ૧૩૯૨ | ૧૨ વર્ષ | ૧૪૨૦ |
| ૧૯ | શ્રી જ્ઞાનસાગરસૂરિ | ,, | ૧૪૦૫ | ૧૪૧૭ | ૧૨ વર્ષ | ૧૪૪૧ |
| ૨૦ | શ્રી કુલમંડનસૂરિ | ,, | ૧૪૦૯ | ૧૪૧૭ | ૮ વર્ષ | ૧૪૪૨ |
| ૨૧ | શ્રી સોમસુંદરસૂરિ | ,, | ૧૪૩૦ | ૧૪૪૭ | ૭ વર્ષ | ૧૪૫૭ |
| ૨૨ | શ્રી મુનિસુંદરસૂરિ | ,, | ૧૪૩૬ | ૧૪૪૩ | ૭ વર્ષ | ૧૪૭૮ |
| ૨૩ | શ્રી દેવસુંદરસૂરિ | ,, | ૧૩૯૬ | ૧૪૦૪ | ૮ વર્ષ | ૧૪૨૦ |
| ૨૪ | શ્રી રત્નશેખરસૂરિ | ,, | ૧૪૫૭ | ૧૪૬૩ | ૬ વર્ષ | ૧૫૦૨ |
| ૨૫ | શ્રી લક્ષ્મીસાગરસૂરિ | ,, | ૧૪૬૪ | ૧૪૭૦ | ૬ વર્ષ | ૧૫૦૮ |
| ૨૬ | શ્રી આનંદવિમલસૂરિ | ,, | ૧૫૪૭ | ૧૫૫૨ | ૫ વર્ષ | ૧૫૭૦ |
| ૨૭ | શ્રી વિજયદાનસૂરિ | ,, | ૧૫૫૩ | ૧૫૬૨ | ૯ વર્ષ | ૧૫૮૭ |
| ૨૮ | શ્રી વિજયસેનસૂરિ | ,, | ૧૬૦૪ | ૧૬૧૩ | ૯ વર્ષ | — |
| ૨૯ | શ્રી વિજયદેવસૂરિ | ,, | ૧૬૩૪ | ૧૬૪૩ | ૯ વર્ષ | — |
| ૩૦ | શ્રી વિજયસિંહસૂરિ | ,, | ૧૬૪૪ | ૧૬૫૪ | ૧૦ વર્ષ | ૧૬૮૨ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | આચાર્યનું નામ | ગચ્છ | જન્મ સંવત | દીક્ષા સંવત | દીક્ષા લેતી વખતની ઉંમર | આચાર્ય પદ |
|---|---|---|---|---|---|---|
| ૩૧ | શ્રી વિજયપ્રભસૂરિ | તપગચ્છ | ૧૬૭૭ | ૧૬૮૬ | ૯ વર્ષ | ૧૭૧૦ |
| ૩૨ | શ્રી વિજયરત્નસૂરિ | ,, | ૧૭૧૧ | ૧૭૧૭ | ૬ વર્ષ | ૧૭૩૨ |
| ૩૩ | શ્રી વિજયક્ષમાસૂરિ | ,, | ૧૭૩૨ | ૧૭૩૯ | ૭ વર્ષ | ૧૭૭૩ |
| ૩૪ | શ્રી સૌભાગ્યહર્ષસૂરિ | લઘુ પૌશાલિક ગચ્છ | ૧૫૫૫ | ૧૫૬૩ | ૮ વર્ષ | ૧૫૮૩ |
| ૩૫ | શ્રી સોમવિમલસૂરિ | ,, | ૧૫૭૦ | ૧૫૭૪ | ૪ વર્ષ | ૧૫૯૭ |
| ૩૬ | શ્રી આનંદસોમસૂરિ | ,, | ૧૫૯૬ | ૧૬૦૧ | ૫ વર્ષ | ૧૬૨૫ |
| ૩૭ | શ્રી હેમસોમસૂરિ | ,, | ૧૬૨૩ | ૧૬૩૦ | ૭ વર્ષ | ૧૬૩૫ |
| ૩૮ | શ્રી વિજયતિલકસૂરિ | આણંદ સૂરિ ગચ્છ | ૧૬૩૫ | ૧૬૬૪ | ૯ વર્ષ | ૧૬૭૩ |
| ૩૯ | શ્રી વિજયાણંદસૂરિ | ,, | ૧૬૪૨ | ૧૬૫૧ | ૯ વર્ષ | ૧૬૭૬ |
| ૪૦ | શ્રી વિજયરાજસૂરિ | ,, | ૧૬૭૯ | ૧૬૮૯ | ૧૦ વર્ષ | ૧૭૦૪ |
| ૪૧ | શ્રી વિજયમાનસૂરિ | ,, | ૧૭૦૭ | ૧૭૧૯ | ૧૨ વર્ષ | ૧૭૩૬ |
| ૪૨ | શ્રી જ્ઞાનવિમલસૂરિ | તપગચ્છ [વિમલશાખા] | ૧૬૯૪ | ૧૭૦૨ | ૮ વર્ષ | ૧૭૪૮ |
| ૪૩ | શ્રી લક્ષ્મીસાગરસૂરિ | તપગચ્છ [સાગર શાખા] | ૧૭૨૮ | ૧૭૩૬ | ૮ વર્ષ | ૧૭૪૫ |
| ૪૪ | શ્રી પાર્શ્વચંદસૂરિ | નાગપુરીય તપગચ્છ | ૧૫૩૭ | ૧૫૪૬ | ૯ વર્ષ | ૧૫૬૫ |
| ૪૫ | શ્રી નેમીચંદ્રસૂરિ | ,, | ૧૭૩૧ | ૧૭૪૦ | ૯ વર્ષ | ૧૭૭૦ |

| | આચાર્યનું નામ | ગચ્છ | જન્મ સંવત | દીક્ષા સંવત | દીક્ષા લેતી વખતની ઉંમર | આચાર્ય પદ |
|---|---|---|---|---|---|---|
| ૪૬ | શ્રી કનકચંદ્રસૂરિ | નાગપુરીય તપગચ્છ | ૧૭૪૬ | ૧૭૫૭ | ૧૧ વર્ષ | ૧૭૯૬ |
| ૪૭ | શ્રી ભાતૃચંદ્રસૂરિ | ,, | ૧૮૦૩ | ૧૮૧૫ | ૧૨ વર્ષ | ૧૮૨૩ |
| ૪૮ | શ્રી વિવેકચંદ્રસૂરિ | ,, | ૧૮૦૯ | ૧૮૨૦ | ૧૧ વર્ષ | ૧૮૩૭ |
| ૪૯ | શ્રી અજીતસિંહસૂરિ | અંચળગચ્છ | ૧૨૮૩ | ૧૨૯૧ | ૮ વર્ષ | ૧૩૧૪ |
| ૫૦ | શ્રી દેવેન્દ્રસિંહસૂરિ | ,, | ૧૨૯૯ | ૧૩૦૬ | ૭ વર્ષ | ૧૩૨૩ |
| ૫૧ | શ્રી ધર્મપ્રભસૂરિ | ,, | ૧૩૩૧ | ૧૩૪૧ | ૧૦ વર્ષ | ૧૩૫૯ |
| ૫૨ | શ્રી સિંહતિલકસૂરિ | ,, | ૧૩૪૫ | ૧૩૫૨ | ૭ વર્ષ | ૧૩૯૫ |
| ૫૩ | શ્રી મહેન્દ્રપ્રભસૂરિ | ,, | ૧૩૬૩ | ૧૩૭૫ | ૧૨ વર્ષ | ૧૩૯૩ |
| ૫૪ | શ્રી જયકીર્તિસૂરિ | ,, | ૧૪૩૩ | ૧૪૪૪ | ૧૧ વર્ષ | ૧૪૬૭ |
| ૫૫ | શ્રી સિદ્ધાંતસાગરસૂરિ | ,, | ૧૫૦૬ | ૧૫૧૨ | ૬ વર્ષ | ૧૫૪૧ |
| ૫૬ | શ્રી ભવસાગરસૂરિ | ,, | ૧૫૧૦ | ૧૫૨૦ | ૧૦ વર્ષ | ૧૫૬૦ |
| ૫૭ | શ્રી ગુણનિધાનસૂરિ | ,, | ૧૫૪૮ | ૧૫૫૨ | ૪ વર્ષ | ૧૫૮૪ |
| ૫૮ | શ્રી કલ્યાણસાગરસૂરિ | ,, | ૧૬૩૩ | ૧૬૪૨ | ૯ વર્ષ | ૧૬૪૯ |
| ૫૯ | શ્રી અમરસાગરસૂરિ | ,, | ૧૬૯૪ | ૧૭૦૫ | ૧૧ વર્ષ | ૧૭૧૫ |
| ૬૦ | શ્રી વિદ્યાસાગરસૂરિ | ,, | ૧૭૪૭ | ૧૭૫૬ | ૯ વર્ષ | ૧૭૬૨ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | આચાર્યનું નામ | ગચ્છ | જન્મ સંવત | દીક્ષા સંવત | દીક્ષા લેતી વખતની ઉંમર | આચાર્ય પદ |
|---|---|---|---|---|---|---|
| ૬૧ | શ્રી ઉદયસાગરસૂરિ | અંચલગચ્છ | ૧૭૬૩ | ૧૭૭૭ | ૧૪ વર્ષ | ૧૭૯૭ |
| ૬૨ | શ્રી કીર્તિસાગરસૂરિ | ” | ૧૭૯૬ | ૧૮૦૯ | ૧૩ વર્ષ | ૧૮૨૩ |
| ૬૩ | શ્રી મુક્તિસાગરસૂરિ | ” | ૧૮૫૭ | ૧૮૬૭ | ૧૦ વર્ષ | ૧૮૯૨ |
| ૬૪ | શ્રી રત્નસાગરસૂરિ | ” | ૧૮૯૨ | ૧૯૦૫ | ૧૩ વર્ષ | ૧૯૧૪ |

**નોંધ:**—અત્રે તો અમોએ ફક્ત સાતસો વર્ષમાંજ થઇ ગયેલા અને પટ્ટાવલીમાં કે ગ્રંથાદિમાં માત્ર ઉપલબ્ધ થયેલ અમુક સગીર દીક્ષિતોની યાદી પ્રસિદ્ધ કરી છે. પણ પ્રભુ મહાવીરના નિર્વાણ પછી આજલગીમાં સાડાચોવીસો વર્ષમાં પટ્ટાવલી કે ગ્રંથાદિમાંથી ઉપલબ્ધ સિવાયના હજારો સગીરોએ દીક્ષા લઇ સ્વ અને પર કલ્યાણ કર્યું છે. પૂજ્ય ૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિ સૂરિશ્વરજી પૂજ્ય ૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી સાગરાનંદ સૂરિશ્વરજી અને બીજા વર્તમાનના ધુરંધર આચાર્ય વર્ગો પણ સગીર દીક્ષિતો છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## જૈનેતરોમાં પણ વૈરાગ્ય પામી ત્યાગી થયેલ નાની ઉમ્મરવાળાનાઓના દાખલા.

| | નામ | ઉમ્મર–વર્ષ. |
|---|---|---|
| ૧ | ગોપીચંદ | ૧૨ |
| ૨ | મીરાંબાઇ | ૧૩ |
| ૩ | ભર્તૃહરી | ૨૦ |
| ૪ | ધ્રુવજી | ૮ |
| ૫ | શુકદેવજી | બાલ્યાવસ્થા. |
| ૬ | પ્રલ્હાદ | ૭–૮ |
| ૭ | માધવદાસ | ૧૦ થી ૧૫ |
| ૮ | જ્ઞાનદેવજી મહારાજ | બાલ્યવય |
| ૯ | રોહીદાસ ચમાર | બાલ્યવય |
| ૧૦ | બીલ્વમંગળ ઉર્ફે સુરદાસ | યુવાવસ્થા |
| ૧૧ | સરસ્વતીદેવી બાઇ કુમારી | બાલ્યાવસ્થા |
| ૧૨ | ગાર્ગી બાલકુમારી ઋષિકન્યા | બાલ્યાવસ્થા |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પરિશિષ્ટ अ.

## સગીર દીક્ષા માટે શાસ્ત્રીય પુરાવા.

શ્રી જિનેશ્વર દેવના શાસનમાં આઠ વર્ષથી માંડીને સીતેર વર્ષની ઉમ્મર સુધીના એટલે કે અતિશય વૃદ્ધ ઉમ્મર ન થાય ત્યાં સુધીના આત્માઓ દીક્ષા માટે યોગ્ય છે. આ વાતને સાબીત કરનારા પૂ. આગમ ગ્રંથોના આધારો–

૧. શ્રીપંચકલ્પભાષ્યમાં ભાષ્યકાર મહર્ષિએ ૭ મા પત્રની પહેલી પુંઠીમાં ફરમાવ્યું છે કે :—

१ २ ३ ४ ५ ६ ७

" बाला-किड्डा-मंदा-बला-य-पन्ना-य-हायणि-पवंचा।

८ ९ १०

पब्भार-मम्मुही-सयणो-दसमा य णायव्वा ॥१॥ "

तहियं पढमदसाए, अट्ठमवरिसादि होति दिक्खा तु।
सेसासु छसुवि दिक्खा, पब्भारादीसु सा ण भवे ॥२॥ "

૨. શ્રીનિશીથભાષ્યમાં પણ ૮૪ મા પાનાની પહેલી પુંઠીમાં ફરમાવ્યું છે કે :—

" दस आउविवागदसा, अट्ठमवरिसाइ दिक्खपडिवत्ती।
सेसासुवि छसु दिक्खा पब्भारादीसु सा ण भवे ॥१॥ "

૩. શ્રીપંચવસ્તુમાં પણ લખ્યું છે કે :—

" एएसिं वयपमाणं, अट्ठ समाउत्ति वीअरागेहिं।
भणियं जहन्नयं खलु, उक्कोसो अणवगल्लोत्ति ॥ ॥१॥

શ્રીજિનેશ્વરદેવના શાસનમાં દીક્ષા માટે સગીર તેજ ગણાય છે કે જે સોલ વરસની અંદરની ઉમ્મરનો હોય, આ વાતની સાબીતીમાં નીચેના આધારો પૂ. આગમ ગ્રંથોમાં છે.

૧. શ્રીપંચકલ્પભાષ્યમાં ભાષ્યકાર મહર્ષિ ૧૩ મા પત્રની બીજી પુંઠીમાં ફરમાવે છે કે—

" अपडिप्पुण्णो बालो, सोलसवरिसूणों अहव अनिविट्ठो।
अम्मापिउअविदिण्णो, ण कप्पती तत्थ वऽण्णत्थ ॥१॥"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૨. શ્રીનિશીથભાષ્યમાં પણ ૮૭ માં પાને બીજી પુંઠીમાં ફરમાવ્યું છે કે—

" अपडिप्पुण्णो बालो विरद्धवरिसूणों अधव अणिविट्ठो ।
अम्मापिअअविदिण्णे ण कप्पती तत्थ वऽण्णत्थ ॥१॥"

૩. 'શ્રીજીનકલ્પચૂર્ણિ વિષમપદ વ્યાખ્યા માં પણ ૩૨ માં પાનામાં લખ્યું છે કે—

" [ अवत्त ]–अव्यक्तो वयसा षोडश वर्षाणि यावत्, तदूर्ध्वं पच्चकूर्चव यः ।"

અપવાદે આઠથી અંદરની ઉંમરનાને પણ દીક્ષા આપી શકાય, એમ બતાવનાર આગમનો આધાર—

उवसंते व महाकुले णातिवग्गे व सन्निसिज्जतरे ।
अज्जाकारणजाते बाले पव्वज्जऽणुन्नाया

વા. પુ. પૃ.
પંચ કભા. ૬–૨–૧૪

उवसंते व महाकुले णादिवग्गे व सणिसेज्जतरे
अज्जाकारणजाते अणुन्नाया बालपव्वज्जा ॥२॥

નિ. ભા. ૮૪–૧–૭

શ્રી જિનેશ્વર દેવના શાસનમાં સોળ વર્ષથી ઓછી ઉમ્મર સુધીજ આજ્ઞા વિના દીક્ષા આપવામાં આવે તો નિષ્ફેટિકા એટલે ચોરી ગણી છે. પણ સોળથી ઉપરની ઉમ્મરવાળાને માટે તેવો કાયદો નથી. તે બાબતમાં પૂ. આગમ ગ્રંથોનો આધાર—

૧. શ્રીપંચકલ્પભાષ્યમાં ભાષ્યકાર મહર્ષિ ૧૩ માં પત્રની બીજી પુંઠીમાં ફરમાવે છે કે—

" भयणा तेणगसद्दे होती इणमो समासेणं ॥
जो सो अपडिपुण्णो विरद्धवरिसूण अहव अणिविट्ठो ।
तं दिक्खिन्तऽअविदिण्णं तेणा परतो अतेणो तु ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

'દીક્ષા માટે જે બાળકોને અયોગ્ય કહ્યા છે અને દોષો બતાવ્યા છે તે બાળકો આઠ વર્ષથી અંદરની ઉંમરવાળા સમજવા એ વાત બતાવનાર પૂ. આગમ ગ્રંથોના આધાર.

वंभस्स वयस्स फलं अयगोले चेव होंति छक्काया।
रातीभत्ते चारग अजसंतराए य पडिवंधो ॥१॥

निशीथ भाष्य ८४-१-३

वंभस्स वयस्स फलं अयगोले चेव होंति छक्काया।
णिसिभत्तमंतराए चारग अजसो य पडिवंधो ॥१॥

પંચ. ક. ભા. ६-२-६

સોળથી અધિક વરસની ઉમ્મરના આત્માઓ કોઇને પણ પૂછયા વિના દીક્ષા ખુશીની સાથે લઇ શકે છે. માટે એ રીતે દીક્ષા લેનારાઓની સંખ્યા ઘણીજ મોટી છે. એથી એના દાખલા શ્રીજૈનશાસનના કથા સાહિત્યમાં તો પ્રાયઃ પ્રત્યેક ગ્રંથમાંથી મળી શકે તેમ છે. એટલે તેમાં તો છેજ અને આગમોમાંથી પણ સંખ્યાબંધ દાખલાઓ મલી શકે તેમ છે, એ કારણથી અમુક અમુક ગ્રંથોમાંથી અમુક અમુક દાખલાઓનીજ નોંધ નીચે કરવામાં આવે છે.

૧. શ્રી. ઉત્તરાધ્યન સૂત્રઃ— ભાવદેવીયા વૃત્તિ.

| અધ્યનન. | પૃષ્ટ. | નામ. |
|---|---|---|
| ૧ | ૬ | હલ્લ અને વિહલ્લ. |
| ૧ | ૧૦ | શ્રેષ્ઠિ પુત્ર. |
| ૨ | ૨૯ | ચાર વણિકોની દીક્ષા. |
| ૨ | ૩૩ | એક રાજપુત્રની દીક્ષા. |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| ૨ | ૫૯ | શ્રી. 'સ્કન્દક' નામના રાજપુત્રની પાંચસો મનુષ્યો સાથે દીક્ષા. |
| ૨ | ૭૪ | રાજપુત્રની દીક્ષા. |
| ૨ | ૭૬ | ,, |
| ૧૨ | ૨૬૦ | પુરોહિતની દીક્ષા. |
| ૧૪ | ૩૦૨ | ૭ આત્માઓની દીક્ષા. |
| ૧૮ | ૩૩૭ | દશહજાર રાજાઓની દીક્ષા |
| ૧૮ | ૩૪૮ | શ્રી. સનત્કુમાર ચક્રવર્તિની દીક્ષા. |
| ૧૮ | ૩૫૧ | ચાર હજાર રાજાઓ સાથે ઈન્દુષેણ અને બિન્દુષેણની દીક્ષા. |
| ૧૮ | ૩૭૯ | શ્રી. દશાર્ણભદ્રરાજાની દીક્ષા |

૨. શ્રી.કલ્પસૂત્ર. સુબોધિકા.

| વ્યાખ્યાન. | પૃષ્ઠ | નામ |
|---|---|---|
| ૧ | ૧૭ | એક હજાર ને આઠ વણિક પુત્રો સાથે શ્રી.કાર્તિક–શેઠની દીક્ષા. |
| ૬ | ૧૧૮ | શ્રી.ઈન્દ્રભૂતિજી આદિ (૪૪૦૦) ચાર હજાર ચારસોની દીક્ષા. |
| ૮ | ૧૬૧ | શ્રી. શય્યંભવ સ્વામિની દીક્ષા. |
| ૮ | ૧૬૨ | શ્રી. સ્થૂલભદ્રજીની દીક્ષા. |
| ૮ | ૧૬૮ | શ્રી. ધનગિરિજીની દીક્ષા. |

૩ શ્રી ઉપદેશ માલા.

| પૃષ્ઠ | નામ |
|---|---|
| ૯૪ | ચાર ગોવાલીઆઓને દીક્ષા. |
| ૧૬૫ | ગર્ભવતી પત્નીને મૂકીને દીક્ષા |

૪ શ્રી. ઉત્તરાધ્યયન સૂત્ર. બૃહદ્‌વૃત્તિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| પૃષ્ઠ | નામ |
|---|---|
| ૮૯ | ચાર વણિકની દીક્ષા. |

૫ શ્રી. ભગવતી સૂત્ર. ભાગ બીજો.

| પૃષ્ઠ | નામ |
|---|---|
| ૪૫૮ | શ્રી. ઋષભદત્ત અને દેવાનંદાની દીક્ષા |
| ૫૧૮–૧૯ | શિવરાજર્ષિની દીક્ષા. |

૬ શ્રી ત્રિષષ્ઠિ સલાકા પુરૂષ ચરિત્ર.

| પર્વ. | પૃષ્ઠ. | નામ. |
|---|---|---|
| ૧ | ૭૧ | ચાર હજારની દીક્ષા. |
| ૧ | ૯૧ | ૧૧૯૯ ની દીક્ષા. |
| ૧ | ૧૧૨ | નમિ વિનમિની દીક્ષા. |
| ૧ | ૧૨૩ | ૯૮ ભાઇઓની દીક્ષા. |
| ૧ | ૧૮૦ | દશ હજાર રાજાઓની દીક્ષા. |
| ૨ | ૯૯ | એક રાજાની દીક્ષા. |
| ૨ | ૧૦૨ | એક રાજાની દીક્ષા. |
| ૨ | ૧૦૮ | અનેક રાજાઓ, સામંતો અને મંત્રીઓની પોતાના પુત્રો સાથે દીક્ષા. |
| ૭ | ૧૧ | શ્રી વૈશ્રવણની દીક્ષા. |
| ૭ | ૨૮ | શ્રી આનંદમાલીની દીક્ષા. |
| ૭ | ૪૧ | શ્રી વજ્રબાહુ આદિ ૨૮ની દીક્ષા. |
| ૭ | ૧૨૨ | શ્રીમતી સીતાજીની દીક્ષા. |
| ૭ | ૧૨૬ | શ્રી લક્ષ્મણજીના ૨૫૦ પુત્રોની દીક્ષા. |
| ૭ | ૧૨૭ | શ્રી રામચંદ્રજીના બે પુત્રની દીક્ષા. |
| ૭ | ૧૨૯ | સોળ હજારની દીક્ષા. |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| ૮ | ૯૯ | અનેકની દીક્ષા. |
| ૮ | ૧૬૩ | અનેકની દીક્ષા. |
| ૧૦ | ૯૪–૯૫ | શ્રી આદ્રકુમારની દીક્ષા. |
| ૧૦ | ૧૧૮ | એક ખેડુતની દીક્ષા. |

શ્રી જીનેશ્વર દેવના શાસનમાં આઠથી સોળ સુધીની ઉમ્મરના સગીરને તેમના માતપિતાદિકની સમ્મતિથી દીક્ષા આપવાનું સ્પષ્ટ વિધાન છે. એ કારણથી તેવી સગીર દીક્ષાઓ પણ સંખ્યાબંધ થઇ છે. તેમાંના પણ અમુક અમુક પ્રસગો અમુક અમુક શાસ્ત્રોમાંથી અહીં મુકવામાં આવ્યા છે.——

૧. શ્રી. ઉત્તરાધ્યયન સૂત્ર ભાવ દેવીયા વૃત્તિ.

| અધ્યયન. | પૃષ્ઠ. | નામ. |
|---|---|---|
| ૨ | ૨૬ | પોતાના પુત્ર સાથે હસ્તીમિત્ર શ્રેષ્ઠિની દીક્ષા. |
| ૨ | ૨૮ | પુત્ર સાથે ધનમિત્રની દીક્ષા. |
| ૨ | ૩૧ | 'અરહન્નક' નામના પુત્ર સાથે માતપિતાની દીક્ષા. |
| ૨ | ૫૪ | શ્રેષ્ઠિ પુત્રની દીક્ષા. |
| ૨ | ૫૫ | સોમદત્ત અને સોમદેવની દીક્ષા. |
| ૧૮ | ૩૫૨ | પિતા સાથે બાળપુત્રની દીક્ષા. |

૨. શ્રી. કલ્પસૂત્ર સુબોધિકા.

| વ્યાખ્યાન. | પૃષ્ઠ. | નામ. અને સંખ્યા. |
|---|---|---|
| ૮ | ૧૬૮ | શ્રી વજ્ર સ્વામિજીની દીક્ષા. |

૩. શ્રી. ઉપદેશ માલા.

| પૃષ્ઠ. | નામ. |
|---|---|
| ૧૬૫ | શ્રી વજ્ર સ્વામિની દીક્ષા. ઝઘડો રાજદરબારે, |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૪. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર બૃહદ્ વૃત્તિ.

| પૃષ્ઠ. | નામ. |
|---|---|
| ૯૦ | માબાપ સાથે બાળકની પણ દીક્ષા. |
| ૯૫ | બાપ સાથે બાળકની દીક્ષા. |
| ૮૭ | બાપ સાથે બાળકની દીક્ષા. |

શ્રી. ત્રિષષ્ટિ સલાકા પુરૂષ ચરિત્ર.

| પર્વ. | પૃષ્ઠ. | નામ. |
|---|---|---|
| ૧ | ૯૧ | ઘણા બાળકોની દીક્ષા. |
| ૨ | ૧૦૮ | ઘણા બાળકોની દીક્ષા. |
| ૭ | ૭૧ | બાળ મુનીનો પ્રસંગ. |
| ૯ | ૧૪૮ | ઘણા બાળકોની દીક્ષા. |

શ્રી દૃઢ પ્રહારી, અર્જુનમાલી, પ્રભવ આદિ અધમ ગણાતા આત્માઓને પણ તે તે આત્માઓના ઉદ્ધારનાજ એક શુભ ઇરાદાથી ઉપકારી મહાપુરૂષોએ દીક્ષા આપ્યાના પ્રસંગો શ્રી જિનેશ્વર દેવના શાસનમાં ઢગલા બંધ છે. તેમાંના કેટલાક પ્રસંગો નીચે ટાંકવામાં આવે છે.

૧ શ્રી. ઉત્તરાધ્યયન સૂત્ર.

| અધ્યયન | પૃષ્ઠ | નામ |
|---|---|---|
| ૨ | ૫૮ | શ્રી. અર્જુન માલી જે રોજ છ પુરૂષો અને એક સ્ત્રીની ઘાત કરતો હતો. તેની દીક્ષા અને દીક્ષાના પ્રતાપે મુક્તિ |
| ૪ | ૧૫૭ | ભાઇના ઘાત કરનારને પણ દીક્ષા. |

૨ શ્રી. ઉપદેશ માલા.

| પૃષ્ઠ | નામ |
|---|---|
| ૫૪ | દ્રમકની દીક્ષા- |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | |
|---|---|
| ૧૦૦ | આત્મઘાત કરવા તૈયાર થયેલાને દીક્ષા. |
| ૧૩૮–૧૩૯ | ચોરના અધિપતિને પણ દીક્ષા. |
| ૧૪૧ | પતિ મુનિને મારનારી સ્ત્રીને પણ દીક્ષા. |
| ૧૫૫–૧૫૬ | યતિવેષ ઉપરના દ્વેષભાવથી મુનીને ભયંકર આપત્તિમાં મુકનારને પણ દીક્ષા. |
| ૧૭૬ | આત્મઘાત માટે સજ્જ થયેલાને દીક્ષા. |
| ૨૨૪ | મુનીઘાતકને પણ દીક્ષા. |
| ૨૮૮–૮૯–૯૦ | 'સ્ત્રી, બ્રાહ્મણ, બાલ અને ગાય' આ ચારેની હત્યા કરનારને પણ દીક્ષા. |
| ૩૭૩ | સંયમથી પતિત થયેલી સ્ત્રીને પણ દીક્ષા. |

૩ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર.

| પર્વ | પૃષ્ઠ | નામ |
|---|---|---|
| ૮ | ૨૧ | મરવા તૈયાર થયેલા નંદિષેણની દીક્ષા. |
| ૧૦ | ૯૭ | પાંચસો સાંમતોને દીક્ષા. |

અયોગ્ય આત્માઓને અથવા સર્વને દીક્ષા તેજ આપી શકે કે જે જ્ઞાની એમ જાણે કે આ કદિ પણ દીક્ષાથી પતિત નહિ થાય. આ પ્રમાણે કેટલાકો કહે છે પણ આ વાત શ્રી. જીનેશ્વર દેવના શાસનમાં માન્ય નથી. કારણકે જ્ઞાનીઓના હસ્તે દીક્ષીત થયેલા આત્માઓ પણ દીક્ષાથી પતિત થયા છે. અને કેટલાકોએ તો પતિત થઈને અનેક આત્માઓને ઉન્માગે ચઢાવ્યા છે. એ બતાવનારા કેટલાક પ્રસંગો અમૂક અમૂક શાસ્ત્રોમાંથી અહીં ટાંકવામાં આવે છે:—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧. શ્રી. ઉત્તરાધ્યયન સૂત્ર.

| અધ્યયન. | પૃષ્ઠ. | નામ. |
|---|---|---|
| ૩. | ૧૧૯ | જમાલી. |
| ૩. | ૧૧૯ | તિષ્યગુપ્ત. |
| ૩. | ૧૨૧ | આષાઢાસૂરિ. |
| ૩. | ૧૨૨ | અશ્વમિત્ર. |
| ૩. | ૧૨૫ | રોહગુપ્ત. |
| ૩. | ૧૩૧ | ગોષ્ઠામાહિલ |
| ૩. | ૧૩૧ | શિવભૂતિ. |

૨. શ્રી. ત્રિષષ્ઠિ સલાકા પુરૂષ ચરિત્ર.

| પર્વ. | પૃષ્ઠ. | નામ. |
|---|---|---|
| ૧ | ૯૧ | મરિચિની દીક્ષા. |
| ૧૦ | ૯૪-૯૫ | આર્દ્રકુમારની દીક્ષા |
| ૧૦ | ૮૬ | શ્રી. નંદિષેણની દીક્ષા |
| ૧૦ | ૯૭ | ખેડુતને દીક્ષા. |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ધી યંગ મૅન્સ જૈન સોસાયટી

: : ઠે. માણેકચોક — અમદાવાદ. : :

અમારા

# ઉદ્દેશ-સિદ્ધાંતો.

**ઉદ્દેશ :**

જૈન ધર્મ ઉપર થતા આક્ષેપોનો સચોટ પ્રતિકાર કરવો તથા શાસનની ઉન્નતિ થાય તેવાં કાર્યો કરવાં.

**સિદ્ધાંતો :**

૧ ચરમ તીર્થંકર પ્રભુશ્રી મહાવીરે સ્થાપેલા સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપી ચતુર્વિધ સંઘના બંધારણને તથા આગમોને પંચાંગી સહિત સંપૂર્ણ માનવા.

૨ શ્રી જૈન ધર્મના ભવ્ય સ્મારકો રૂપ તીર્થો અને ચૈત્યો આત્માને તારવાના પરમ સાધનરૂપ હોઇ તેમનું રક્ષણ કરવું.

૩ ધર્મની સાચી ઉન્નતિથી જ રાષ્ટ્રની ઉન્નતિ થાય છે.

૪ કોઇ પણ સાધુ કે સાધ્વીપરના આક્ષેપો જાત તપાસથી કે પત્રવ્યવહાર દ્વારા ખાત્રી કર્યા વિના સાચા માનવા નહિ, અને તે આક્ષેપો સત્ય જણાયે પણ તેમની જાહેર પત્રો દ્વારા વગોવણી કરવા કરતાં તેમને ખાનગી રીતે સમજાવવા પ્રયત્ન કરવો અને તે પ્રયત્નોમાં નિષ્ફળ ગયે મૂખ્ય કાર્યાલયને ખબર આપવી.

નોટ :—નં. ૪ના સિદ્ધાંતમાં સત્ય બીના દબાવવાનો સંસ્થાનો આશય નથી.

**દરેક શાસનસેવક યુવક જરૂર સભાસદ થાય.**

ધી સરસ્વતી પ્રીન્ટીંગ વર્કસ-સેન્ટ્રલ બેન્ક બીલ્ડીંગ : ગાંધીરોડ અમદાવાદમાં નંદલાલ ચુનીલાલે છાપી અને યંગ મૅન્સ જૈન સોસાયટી : : તરફથી રા. રા. બાપાલાલ ચુનીલાલ ઝવેરીએ પ્રગટ કરી. : :

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust